Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

{ सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः }

सम्यक्त्वं सत् प्रदत्ते प्रकटयति गुरौ वीतरागे च भक्तिं
माधुर्यं नीतिवल्ल्या मधुरफलगतं राति संसारमार्गे ।
भव्यानारोहयत्यात्महितकरगुणस्थानपाटीं प्रकृष्टां
आत्मानन्दप्रकाशः सुरतरुरिव यत्सर्वकामान् प्रसूते ॥१॥

पुस्तक १३. } वीर संवत् २४४१ आश्विन आत्म सं. २०. { अंक ३ जो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा. भावनगर.

વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટ. | નંબર. | વિષય. | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રભુસ્તુતિ. ... ... | ૪૯ | ૭ | સૂક્ત રત્નાવળી. ... ... | ૬૪ |
| ૨ | શ્રાવકધર્મોચિત આચારોપદેશ. | ૫૦ | ૮ | જૈનયતિઓની સાહિત્ય સેવા. | ૬૬ |
| ૩ | શ્રી આદિનાથ પ્રભુસ્તુતિ. ... | ૫૫ | ૯ | પ્રાચીન અને અર્વાચીન જૈન. | ૬૮ |
| ૪ | સમ્યગ્શ્રદ્ધા. ... ... | ૫૬ | ૧૦ | આગમોદય સમિતિ. ... | ૭૩ |
| ૫ | સાંવત્સરી ક્ષમાપના પત્રોનો પ્રત્યુત્તર. | ૬૧ | ૧૧ | ગ્રંથસ્વીકાર અને વર્તમાન સમાચાર. | ૭૪ |
| ૬ | હિતશિખામણ.... ... | ૬૨ | | | |


વાર્ષિક—મૂલ્ય રૂા. ૧) ટપાલ ખર્ચ આના ૪.

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના માનવંતા લાઇફ મેમ્બરને ભેટ.

આ સભાના માનવંતા લાઇફ મેમ્બરોને નીચે જણાવેલા ગ્રંથો ધારા મુજબ ભેટ આપવા માટે મુકરર થયા છે. ગયા પોષ માસમાં ચૌદ ગ્રંથો ભેટ આપવામાં આવેલા હતા, જેને હજી બાર માસ થયા નથી તેટલામાં બીજી વખત અમારા લાઇફ મેમ્બરોને તેર નવા પુસ્તકો ભેટ આપવાનો સભાનો આ પ્રયાસ છે. ગ્રંથ પ્રસિદ્ધિનું કાર્ય બહોળા પ્રમાણુમાં ચાલતું હોવાથી આ સભામાં લાઇફ મેમ્બર થનાર ગૃહસ્થને અનેક સંખ્યામાં પુસ્તકો ભેટ મળે છે, જેથી આ સભામાં લાઇફ મેમ્બર થઇ બીજા લાભ સાથે આ પણ લાભ લેવા જેવું છે. પુસ્તક પ્રસિદ્ધનું કાર્ય ઘણાં બહોળા પ્રમાણુમાં જારી હોવાથી થોડા વખતમાં બાજા ગ્રંથો પણ ભેટ આપવામાં આવશે.

| | |
|---|---|
| ૧ પર્યુષણ અષ્ટાન્હિક વ્યાખ્યાન ભાષાંતર. | ૨ ગુરૂગુણુષટ્ત્રિંશિકા. |
| ૩ કુમારપાળ પ્રબંધ | ૪ જૈન વિવાહના ગીતો. |
| ૫ શ્રી ધમ્મીલ ચરિત્ર. | ૬ શ્રી ધન્ના ચરિત્ર. |
| ૭ શ્રી તપોરત્ન મહોદધિ, ભાગ ૧–૨. | ૮ પ્રતિમા શતક. |
| ૯ જ્ઞાનસાર અષ્ટકની જ્ઞાન મંજરી ટીકા. | ૧૦ વિવિધ પૂજા સંગ્રહ. |
| ૧૧ ચૈત્યવંદન ચોવીશી. | ૧૨ ઉપદેશ સપ્તતિકા. |
| ૧૩ સમયસાર પ્રકરણુ | |

નંબર ૨–૩–૫–૬–૮–૯–૧૧–૧૨–૧૩ સંસ્કૃત મૂળ ગ્રંથો હોવાથી તેના ખપી જૈન બંધુઓ ભાગ્યેજ હોવાથી પ્રથમ મુજબ આ સભાના જે લાઇફ મેમ્બરો ખાસ પત્ર લખી મંગાવશે તેઓનેજ મોકલવામાં આવશે. કારણ કે તેવા મૂળ ગ્રંથો બહોળા પ્રમાણુમાં તેનાં અભ્યાસી મુનિ મહારાજાઓ વગેરેને સભાની જેમ તેઓની વતી ભેટ અપાયે જાય છે, તેમ ઉકત ઉપર જણાવેલાં નંબરોના ગ્રંથો તેમની વતી ભેટ અપાશે, બાકીના જે સંસ્કૃત સિવાયના જે તમામ ગ્રંથો છે તે લાઇફ મેમ્બરોને તેઓના વગર લખે પોસ્ટેજ પુરતા પૈસાનું વી. પી. કરી આવતા માસની શુદ ૫ થી મોકલવામાં આવશે. જેથી અમારા માનવંતા લાઇફ મેમ્બરો સ્વીકારી લેશે.

## આ સભા તરફથી હાલમાં નવા છપાએલા ગ્રંથો.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી ઉપદેશ સપ્તતિકા | ૦–૧૩–૦ | ૨ શ્રી કુમારપાળ પ્રબંધ | ૦–૧૪–૦ |
| ૩ ગુરૂગુણુષટ્ત્રિંશિકા | ૦–૯–૦ | ૪ શ્રી ધમ્મીલ કથા. | ૦–૨–૦ |
| ૫ પ્રતિમાશતક | ૦–૮–૦ | ૬ શ્રી ધન્ના ચરિત્ર | ૦–૨–૦ |
| ૭ જ્ઞાનસાર અષ્ટકજી | ૧–૦–૦ | ૮ સમયસાર પ્રકરણુમ્ | ૦–૮–૦ |
| ૯ ચૈત્યવંદન ચોવીશી | ૦–૬–૦ | ૧૦ વિવિધ પૂજા સંગ્રહ | ૦–૮–૦ |
| ૧૧ તપોરત્ન મહોદધિ ભાગ ૧–૨ | ૦–૮–૦ | | |

માત્ર સંસ્કૃત ગ્રંથો જે કે આર્થિક સહાય વડે છપાવવામાં આવે છે તે મુનિ મહારાજે સાધ્વી મહારાજેને તેઓના સમુદાયના હૈયાત ( વિદ્યમાન ) વડિલ મુનિરાજની મારફત મંગાવવાથી કોઇપણ શ્રાવકના નામ ઉપર પોસ્ટેજ પુરતા પૈસાનું વી. પી. કરી ભેટ મોકલવામાં આવે છે. અને આવા ગ્રંથના અભ્યાસી જૈન બંધુઓને લાઇબ્રેરી, પાઠશાળાને માત્ર ઉપરની મુદલ કિંમતે પોસ્ટેજના પૈસા સાથે વી. પી થી મોકલવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-पीडितेन तदपनयनाय हेयोपादेय-पदार्थ परिज्ञाने यत्नोविधेयः ॥

पुस्तक १३ ] वीर संवत् २४४१, आसो. आत्म संवत् २०. [ अंक ३ जो.

## प्रभुस्तुति.

### મનઃશાંતિની યાચના.

#### શાર્દૂલવિક્રીડિત.

જે ભારે ભવના પ્રપંચ વિષથી નિશ્ચેષ્ટ[1] મૂર્છા ધરે,
આધિ[2] વ્યાધિ ઉપાધિથી નવ નવા વિક્ષેપને આચરે;
કાર્યો નિત્ય અશાંતિના અતિ કરી ભૂલ્યો વિષે જે ભમે,
અર્પો તે અમ ચિત્તને જિનપતિ શાંતિ સુખે ત્યાં રમે. ૧
પૂરી ચંચલતા ધરી પલપલે સદ્ધ્યાનથી જે ખશે,
દેખીને વિષયો નવા રસ ધરી તે પામવાને ધસે;
જે છે દુઃખદ ને અસાર જગમાં તે નિત્ય જેને ગમે,
અર્પો તે અમ ચિત્તને જિનપતિ શાંતિ સુખે ત્યાં રમે. ૨

#### અનુષ્ટુપ.

વિદ્યા કલા સુસંપત્તિ, સુખ સાધન જે સદા;
મનઃશાંતિ વિના સર્વે, ન થાયે સુખદા[3] કદા. ૩

---

૧ ચેષ્ટા રહિત થઇ. ૨ મનની પીડા. ૩ સુખદા—સુખદાયક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી શ્રાવકધર્મોચિત–આચારોપદેશ.

## " દિવસના બીજા પહોરે કરવા યોગ્ય શ્રાવકની કરણી. "

(લેખક–સદ્ગુણાનુરાગી મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ મુ. પલાંસવા.)

૧ હવે બીજે પહોરે સુબુદ્ધિવંત સ્વમંદિરે જાય અને જીવજંતુ વગરની ભૂમિ ઉપર પૂર્વ દિશા સન્મુખ બેસીને સ્નાન આચરે–શરીર શુદ્ધિ કરે.

૨ સ્નાન કરવા માટે જળ નીકળવાના નાળવાવાળો એક મજાનો બાજોઠ કરાવે કે જેથી એમાંથી નીકળતા જળમાં જીવ વિરાધના થવા ન પામે.

૩ રજસ્વલા સ્ત્રી સંબંધી મલીન સ્પર્શ થયે છતે, સૂતક લાગ્યે છતે અને સ્વજનનું મૃતકાર્ય કર્યે છતે સર્વાંગ સ્નાન આચરે–આખે અંગે ન્હાય.

૪ અન્યથા સુજ્ઞ જન દેવપૂજા નિમિત્તે કંઇક ઉષ્ણ ( ન્હવાય તેવા ) અને થોડા જળવડે ઉત્તમાંગ–મસ્તકનો ભાગ વર્જીને બીજે બધે શરીરે સ્નાન કરે.

૫ ચંદ્ર અને સૂર્યનાં કીરણોના સ્પર્શથી જગત્ બધું પવિત્ર થાય છે તો તેના આધારે રહેલું મસ્તક સદાય પવિત્ર છે એમ યોગી જનો માને છે–કહે છે.

૬ ધર્મ નિમિત્તે જે સઘળા સદાચાર સેવવામાં આવે છે તે **દયા** પ્રધાન હોય છે. સદાય મસ્તક ધોવાથી તો તદ્ગત જીવોનો ઉપદ્રવ થાય છે.

૭ નિત્ય નિર્મળ જ્યોતિને ધારણ કરતા એવા આત્માની સ્થિતિ હોવાથી કાયમ વસ્ત્રવડે વેષ્ટિત એવું પણ મસ્તક પવિત્ર જ છે.

૮ જે બાહ્ય દૃષ્ટિવાળા લોકો સ્નાન કરતાં અતિ ઘણા જળને ઢોળવાથી જંતુઓનો નાશ કરે છે તે શરીરને શુદ્ધ કરતા જીવને મલીન કરે છે.

૯ ન્હાતાં પહેરેલું પોતીયું મૂકી, બીજું વસ્ત્ર પહેરી, જ્યાંસુધી પગ ભીના હોય ત્યાંસુધી જિનેશ્વરનું સ્મરણ કરતા ત્યાંજ ઉભા રહેવું.

૧૦ નહિતો વળી પગને મળ સંસ્પર્શ થવાથી મલીનતા થાય અથવા તેની સાથે લાગેલા જીવનો ઘાત થવાવડે મ્હોટું પાતક લાગે.

૧૧ પછી ગ્રહ ચૈત્ય ( ઘર દેરાસર ) પાસે જઇ, ભૂમિ શુદ્ધિ કર્યા બાદ પૂજા સેવા કરવા નિમિત્તે વસ્ત્રો પહેરીને મુખકોશ આઠવડો બાંધે.

૧૨ દેવપૂજાના પ્રસંગે મન, વચન, કાયા, વસ્ત્ર, ભૂમિ, પુજોપગરણ અને વિધિ શુદ્ધતા સંબંધી સાત પ્રકારની શુદ્ધિ સાચવવી જોઇએ.

૧૩ પૂજાવિધિ સાચવતાં પુરૂષે કદાપિ પણ સ્ત્રીનું વસ્ત્ર પહેરવું નહિ તેમજ સ્ત્રીએ પુરૂષનું વસ્ત્ર પણ પહેરવું નહિ. કેમકે તે કામ રાગને વધારનાર છે. ( એમ દરેક બાબતમાં પણ સમજી લેવું. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૪ વિશાળ અને સુંદર ચોખ્ખા કળસામાં આણેલા જળવડે જિનેશ્વરના અંગને અભિષેક કરી, ઉત્તમ વસ્ત્રવડે તેને લુંછી પછી અષ્ટ પ્રકારે પ્રભુની પૂજા કરવી.

## " અષ્ટ પ્રકારી પૂજા પ્રસંગે બોલવાનું પૂજા અષ્ટક."

૧૫ ઘનસાર ભેળવેલા અને ( કેશર ) કસ્તૂરીના રસયુક્ત મનોહર ઉંચા ચંદનવડે, દેવેન્દ્રોએ પૂજાએલા અને રાગાદિ દોષ રહિત ત્રિભુવનપતિ જિનેશ્વર દેવને હું અર્ચું છું-પૂજું છું—૧ ચંદન પૂજા.

૧૬ જાઇ, જુઇ, બકુલ, ચંપક અને પાટલાદિ પુષ્પો વડે તેમજ કલ્પવૃક્ષ, કુંદ અને શતપત્ર કમળાદિ અન્ય અનેક પુષ્પો વડે, સંસાર-કલેશોનો નાશ કરનારા અને કરૂણા પ્રધાન એવા જિનેશ્વર દેવને યજું છું. ૨ પુષ્પ પૂજા.

૧૭ કૃષ્ણાગરૂ, શર્કરા અને પુષ્કળ કર્પૂર સહિત સારી રીતે કાળજીથી બનાવેલો ધુપ શ્રી જિનેશ્વર દેવની પાસે પોતાનાં પાપનો નાશ કરવા માટે ખૂબ આનંદથી હું ભક્તિવડે ઉખેવું છું ૩ ધુપ પૂજા.

૧૮ જ્ઞાન, દર્શન અને ચારિત્રનું ચિન્તવન કરી ઉજ્વળ અને અક્ષત-તંદુલવડે ભક્તિથી પ્રભુ પાસે ત્રણ ઢગ કરીને તેમજ બીજાં સાધન વડે પણ શ્રી જિનેશ્વર દેવને હું અર્ચું-પૂજું છું-૪ અક્ષત પૂજા.

૧૯ ઉત્તમ નાળીએર, પનસ, આમળાં, બીજોરાં, જંબીર, સોપારી, અને આમ્ર ( આંબા ) દિક ફળો વડે અસાધારણ શાન્તિવાળા અને સ્વર્ગાદિક ભારે ફળને આપનારા શ્રી દેવાધિદેવને હું અત્યંત હર્ષથી પૂજું છું-૫ ફળ પૂજા.

૨૦ ઉત્તમ મોદક, વડાં, માંડા ( માલપૂડા ) અને ભાત દાળ પ્રમુખ અનેક રસવાળાં અન્નભોજન વડે, ક્ષુધા તૃષાની વ્યથાથી મુક્ત થયેલા તીર્થપતિને સ્વહિત કરવા માટે હું સદાય આદર ભાવથી યજું છું.-૬ નૈવેદ્ય પૂજા.

૨૧ જેણે પાપ પડલ ભેદી નાંખ્યાં છે અને આખા બ્રહ્માંડને અવલોકન કરવાની જ્ઞાનકળા ( કેવળ જ્ઞાન ) યુક્ત સદોદિત અને સમતાના સાગર એવા જિનેશ્વર પાસે મ્હારા અજ્ઞાન અંધકારને ટાળવા હું ભક્તિ વડે દિપક પ્રગટું છું. ૭ દીપક પૂજા.

૨૨ ગંગાદિક શાશ્વતી નદી, નદ, સરોવર અને સાગરના નિર્મળ તીર્થ જળ વડે, નિર્મળ સ્વભાવવાળા અને દુર્ધર કામ મદ અને મોહરૂપી અજગરને દમવા ગરૂડ જેવા શ્રી જિનેશ્વર દેવને સંસારનો તાપ સમાવવા માટે હું યજું છું. ૮ જળપૂજા.

૨૩ આ અસાધારણ **પૂજાષ્ટક** સ્તુતિનો પાઠ ભણી જે શુભાશય સજ્જન આ મનોહર વિધિ પ્રમાણે શ્રી જીનેશ્વર દેવની પૂજા કરે છે તે ધન્ય-કૃતપુન્ય મહાશય દેવ અને મનુષ્ય સંબંધી અખંડિત સુખોને અનુભવી, નજદીકના વખતમાં અક્ષય અને અવ્યાબાધ એવાં મોક્ષનાં સુખ પણ મેળવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ' ગૃહચૈત્ય ( ઘરદેરાસર ) અથવા ભક્તિ ચૈત્યનું સ્થાન અને તેમાં પૂજા વિધિ. '

૨૪ સ્વભુવન ( મહેલ ) માં જતાં ડાબે હાથે ( ડાબી બાજુએ ) પવિત્ર અને શલ્ય વગરની દોઢ હાથ ઉંચી ભૂમિ ઉપર સુજ્ઞ નર દેવાલય કરે.

૨૫ પૂર્વ દિશા કે ઉત્તર દિશા સન્મુખ રહી પૂજા કરનારે વિદિશાઓ સાથે અગ્નિકોણ અવશ્ય વર્જવી તે તરફ પૂજા કરનારે ન ઉભવું.

૨૬ પૂર્વ દિશા સન્મુખ પૂજા કરતાં લક્ષ્મીનો લાભ થાય, અગ્નિકોણ સન્મુખ રહેતાં સંતાપ થાય, દક્ષિણ દિશા સન્મુખ રહેતાં મૃત્યુ થાય અને નૈરૃત્ય-કોણ સન્મુખ પૂજા કરતાં ઉપદ્રવ થાય.

૨૭ પશ્ચિમ દિશામાં પુત્ર દુઃખ, વાવ્યકોણમાં પ્રજા હાનિ, ઉત્તર દિશામાં મહા લાભ અને ઇશાનકોણમાં ધર્મવાસના થાય.

૨૮ વિવેકી જનોએ જિનેશ્વર દેવની પૂજા પ્રથમ બંને ચરણ, જાનું (ઢીંચણ) હસ્ત-ભૂજા, ખભા અને મસ્તક ઉપર અનુક્રમે કરવી.

૨૯ પછી લલાટ, કંઠ, હૃદય અને જઠર ઉપર તિલક અનુક્રમે કરવાં. કેશર સહિત ઉત્તમ ચંદન વગર પ્રભુ પૂજા થઇ ન શકે.

૩૦ પ્રભાતમાં શુદ્ધ સુગંધી ચૂર્ણ ( વાસક્ષેપ ) વડે, મધ્યાન્હ વખતે પુષ્પો-વડે, અને સંધ્યા વખતે ધૂપ દીપકવડે સુજ્ઞોએ પ્રભુ પૂજા કરવી.

૩૧ ફૂલના બે ટુકડા ન કરવા તેમજ કાચી કળી પણ છેદવી-તોડવી નહિ પત્રને કે પુષ્પને છેદવા-ભેદવાથી હત્યા જેવું પાતક લાગે.

૩૨ હાથથકી પડી ગએલું, પગે કે ભોંયપર લાગેલું તેમજ મસ્તક ઉપર રહેલું ફૂલ કદાપિ પ્રભુ પૂજામાં લેવા યોગ્ય ન ગણાય.

૩૩ નીચ જનોએ નહિ સ્પર્શેલું, કીડાએ નહિ ખાધેલું, ( કરડેલું ) ખરાબ વસ્ત્ર-પાત્રવડે નહિ ધરેલું, સાવ સુગંધ વગરનું તેમજ ઉગ્ર ગંધવાળું જે જે પુષ્પ હોય, તે તે પ્રભુ પૂજામાં ઉપયોગી ન સમજવું.

૩૪ પ્રભુની ડાબી બાજુએ ધૂપ ઉખેવવો અને બીજોરૂં કે જળ કુંભ તો સન્મુખ હોય. નાગરવેલી પાન અને ફળ પ્રભુના હાથમાં રાખવાં.

૩૫ ( **એકવીશ પ્રકારી પૂજા** ) સ્નાત્ર-અભિષેક, ચંદન, દીપ, ધૂપ, ફૂલ નૈવેદ્ય, જળ, ધ્વજા-પતાકા, વાસક્ષેપ, અક્ષત-ચોખા, સોપારી નાગરવેલી પાન, રોકડનાણું, ફળ, વાજિંત્ર, ધ્વની, ગીત, નૃત્ય, સ્તુતિ ઉત્તમ છત્ર, ચામર અને આભૂષણોવડે અરિહંત દેવની પૂજા એકવીશ પ્રકારે થઇ શકે છે.

૩૬ સુપર્વ દિવસે તથા તીર્થયોગ સમયે ભવ્ય જનો ઉપરોક્ત એકવીશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારની પૂજા રચે અને પૂર્વોકત રૂડી રીતે અષ્ટપ્રકારી પૂજા તો સદાય કરે, ભાવ સહિત જે જે રૂડું બને તે બનાવવું, સ્વહિત કાર્યમાં પ્રમાદવશ શિથિલતા કરવી નહિ.

૩૭ પછી સવિશેષ ધર્મનો લાભ મેળવવાની ઇચ્છાએ સ્વચ્છ વસ્ત્રવડે શોભિત છતો અશુચિ માર્ગને તજતો ગામ ચૈત્યે–નગર ચૈત્યે જાય.

૩૮ હું જિન મંદિરે જઇશ એ રીતે હૃદયમાં ધ્યાતાં ચતુર્થ (ઉપવાસ) નું ફળ પામે. જવા ઉઠયે એટલે છઠ્ઠ (બે ઉપવાસ) અને જિન મંદિરે જવા નિમિત્તે માર્ગે ચાલતાં અઠ્ઠમ (ત્રણ ઉપવાસ) નું ફળ પામે.

૩૯ જિન મંદિર દેખ્યે ચાર ઉપવાસ અને દ્વારે આવતાં પાંચ ઉપવાસનું ફળ પામે. મધ્યે આવતાં ૧૫ ઉપવાસ અને પ્રભુ પૂજન કરતાં એક માસ ઉપવાસનું ફળ પામે ( દૃઢ નિશ્ચયથી પ્રભુ સન્મુખ જઇ વિધિ સહિત પ્રભુ દર્શન, વંદન, પૂજન અને સ્તુતિ સ્તવનાદિવડે પ્રભુ સાથે તન્મયતા કરનાર મહાશય મહા મ્હોટો લાભ સહેજે મેળવી શકે છે.

૪૦ ત્રણ નિસ્સિહી કહી સુજ્ઞ જન ચૈત્યની અંદર પેસે, અને ચૈત્ય સંબંધી સંભાળ કરી પછી હર્ષ પૂર્વક શ્રી જિનેશ્વરની પૂજા કરે.

૪૧ મૂળનાયક પ્રભુની અષ્ટ પ્રકારી પૂજા કરી અંદર અને બહાર રહેલી બીજી બધી પ્રતિમાજીઓને માર્જન કરી પુષ્પોના સમૂહોવડે પૂજે–પુષ્પોના પગર ભરે.

૪૨ અવગ્રહથી બહાર જઇને અરિહંત પ્રભુને આદર સહિત વંદન કરે અને વિધિયુક્ત પ્રભુ સન્મુખ રહીને ( ઉલ્લસિત ભાવથી ) ચૈત્યવંદન કરે.

## ચૈત્યવંદન વિધિ.

૪૩ એક શક્રસ્તવ ( નમોત્થુણં ) વડે, જઘન્ય બે વડે મધ્યમ અને પાંચ શક્રસ્તવ વડે ઉત્કૃષ્ટ ઉત્તમ ચૈત્યવંદન જાણવું, એ રીતે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારનું ચૈત્યવંદન થાય છે. અથવા એક નમસ્કાર વડે જઘન્ય, બે આદિ વડે મધ્યમ અને ૧૦૮ નમસ્કાર વડે ઉત્કૃષ્ટ થાય છે. સ્તુતિ શ્લોકાદિક રૂપ નમસ્કાર સમજવો.

૪૪ શક્રસ્તવાદિક સ્તુતિ કરતાં યોગમુદ્રા, વંદન કરતાં જિનમુદ્રા અને ' જય વીયરાય, ' ' જાવંતિ ચેઇયાઇં ' અને ' જાવંત કેવિસાહૂ ' એ ત્રણ પ્રણિધાન કહેતી વખતે મુક્તાશુક્તિમુદ્રા કરવી જોઇએ.

૪૫ પેટ ઉપર હાથની કોણીઓ સ્થાપી, કમળના ડોડાની જેમ હાથ કરી, અન્યોઅન્ય આંગળીઓ આંતરવાથી એ યોગમુદ્રા થાય છે.

૪૬ ચાર આંગળ આગળ અને કંઈક ન્યૂન પાછળ એ રીતે બે પગ વચ્ચે અંતર રાખી રહેવું ( ઉભવું ) તેને જિનમુદ્રા કહી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૭ બન્ને હસ્ત સરખા અને પોલા રાખી લલાટને લગતા રખાય તે મુક્તાશુક્તિમુદ્રા પૂર્વોક્ત ત્રણ પ્રણિધાન કહેતાં કરવાના છે.

## ભોજન વિધિ.

૪૮ પછી જિનેશ્વર પ્રભુને નમી, આવસ્સહી, કહેતો ઘરે જાય અને ભક્ષ્યાભક્ષ્યમાં વિચક્ષણ છતો સ્વજન-બંધુઓ સંગાથે ભોજન કરે.

૪૯ પગ ધોયા વગર, ક્રોધાંધ છતો દુર્વચનો બોલતો દક્ષિણ દિશા સન્મુખ બેશી ભોજન કરે તો તે રાક્ષસભોજન જાણવું.

૫૦ શરીર શુદ્ધિ સાચવી, શુભ સ્થળે નિશ્ચળ આસને બેસી, દેવગુરૂનું સ્મરણ કરી જમે તો તે માનવભોજન લેખાય.

૫૧ સ્નાન કરી, દેવ પૂજા સારી રીતે કરી અને પૂજ્ય ગુરૂજનોને હર્ષયુક્ત નમી-વંદન કરી, સુપાત્રોને દાન દઇ પછી જમે તે ઉત્તમભોજન કહેવાય.

૫૨ ભોજન, વિષયભોગ, સ્નાન, વમન તથા દાતણ કરતાં, દિશા જંગલ જાતાં ( વડી નીતિ કરતાં ) અને શ્વાસાદિ નિરોધ પ્રસંગે સુજ્ઞજન મૌન ધારણ કરે.

૫૩ ભોજન કરતાં અગ્નિ અને નૈરૂત્ય કોણ તથા દક્ષિણ દિશા વર્જવી, તેમજ સંધ્યા સમય ( સાંજ, સવાર, અને મધ્યાહ્ન ) ચંદ્ર સૂર્ય સંબંધી ગ્રહણ સમય અને સ્વજનાદિકનું શબ ( મડદું ) પડયું હોય ત્યાંસુધી ભોજન વર્જવું.

૫૪ છતે પૈસે જે ભોજનાદિકમાં કૃપણતા કરે છે, તેને હું મંદમતિ ( મતિહીન ) માનું છું. તે અહીં કોઈ બીજાના નશીબ માટે ધન પેદા કરે છે.

## ભક્ષ્યાભક્ષ્ય વિચાર.

૫૫ અજાણ્યા ભાજનમાં અને જ્ઞાતિ ભ્રષ્ટ હોય તેને ત્યાં ભોજન કરવું નહિ, તેમજ અજાણ્યાં અને નિષેધેલાં અન્ય ફળ પણ ખાવાં નહિ.

૫૬ બાળ, સ્ત્રી, ગર્ભ અને ગૌહત્યા કરનારા, આચાર લોપનારા અને સ્વગોત્રમાં કલેશ કરાવનારની પંક્તિમાં જાણી જોઇને સુજ્ઞજને બેસવું નહિ.

૫૭-૫૮ મદિરા, માંસ માખણ, મધ, વડ આદિના ટેટા ( ફળ ) અનંતકાય ( કંદમૂળ વિગેરે ) અજાણ્યાં ફળ તથા રાત્રી સમયે ભોજન, કાચા ગોરસ ( દૂધ દહીં કે છાશ ) સાથે કઠોળ જમવાનું, વાસી ચોખા વિગેરે ધાન્ય, બે દિવસ ઉપરાંત રાખેલું દહીં, અને જેના વર્ણ ગંધ રસ સ્પર્શ બદલાઇ ગયો હોય, એવાં બગડેલાં અન્ન વર્જવાં.

૫૯ જિન ધર્મ પાળવામાં તત્પર હોય, તે શ્રાવક-શ્રાવિકાઓ જીવાતવાળાં ફળ ફૂલ પત્ર કે બીજું જે કાંઈ હોય તે તથા બોળ આથણું પણ ખાય નહિ. જીભના રસમાં ગૃદ્ધ બનીને ક્ષણ માત્ર દેખાતાં નજીવાં સુખની ખાતર આત્માને મલીન કરે નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬૦ આહાર અને નિહાર કરતાં ઘણી વાર લગાડવી નહિ તેમજ જળપાન તથા સ્નાન બહુ ઉતાવળાં કરવાં નહિ–સ્થિરતાથી કરવાં.

૬૧ ભોજન પહેલાં જળપાન કરવું તે વિષ જેવું, ભોજન કર્યા પછી ઉપર જળપાન કરવું તે પથ્થર જેવું અને ભોજન કરતાં વચ્ચમાં જળપાન કરવું, તે અમૃત સમાન પરિણામ આપે છે.

૬૨ અજીર્ણ જણાતું હોય તો ભોજન ન કરવું, અજીર્ણ મટ્યાબાદ પ્રકૃતિને માફક આવે એવું ( સાદું–હળવું ) ભોજન કરવું અને ભોજન કરી રહ્યા પછી પાન સોપારીવડે મુખશુદ્ધિ કરવી. તેનો ( પાન સોપારીનો ) ત્યાગ હોય તેણે બીજી નિર્દોષ રીતે મુખશુદ્ધિ કરવી.

૬૩ વિવેકવંત હોય તે માર્ગમાં હાલતાં ચાલતાં તાંબૂલ ન ખાય તેમજ પુન્ય માર્ગનો જાણ હોય તે સોપારી પ્રમુખ આખું ફળ દાંતવડે દળી નાંખે નહિ, પણ જોઇ તપાસીને જ ખાય.

૬૪ ભોજન કર્યા બાદ ગ્રીષ્મઋતુ ન હોય તો વિચારવાન્ ( બુદ્ધિશાળી–પરિણામદર્શી ) દિવસે ઉંઘે નહિ કેમકે દિવસે ઉંઘનારના શરીરમાં વ્યાધિ થવાનો સંભવ રહે છે.

ઇતિ દ્વિતિય વર્ગ.

# श्री आदिप्रभु स्तुति.

( ત્રોટકવૃત્ત. )

પ્રભુ આદિ જિનેશ્વરને નમીએ, નિજ ભાવથી જાપ સદા જપીએ;
જપ થાય વિશુદ્ધજ પૂર્ણ જદા, તદરૂપ બને જપનાર તદા. ૧
વરણે પ્રભુ સોલ સુવર્ણ તનું, નિલ શામ સફેત અને અરૂણું;
દ્વિક ચારજ એ ક્રમથી ગ્રહિએ, જિન ચોવીશ એ વરણે નમીએ. ૨
ત્રિપદી જિનરાજ મુખે સુણતાં, ગણરાયજ શાસ્ત્ર તદા રચતા;
ષટ દર્શનમાંહિ શિરોમણી એ, પથ મોક્ષ તણો ગણીને નમીએ. ૩
શુણ ગોમુખ દેવ ચકેસરીને, કરતા જિન સેવ સદા મળીને;
સુખ શાંતિ થશે કરૂણા કરતાં, જિમ વેલ વધે શશિ દર્શ થતાં. ૪

જિજ્ઞાસુ ઉમેદવાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમ્યગ્ શ્રદ્ધા.

આ માસિકના ચાલુ વર્ષના પહેલા અંકમાં મી. અધ્યાયીનો "શ્રદ્ધા" નામનો લેખ, વાંચતાં આનંદ થયો છે. મી. અધ્યાયી જૈન તત્વજ્ઞાનના ઉંડા અભ્યાસી છે, એમના જેવા વિદ્વાનો પોતાની જાતિ બંધુઓમાં જ્ઞાનનો વધારો થાય એ માટે જે પ્રયાસ કરે એ પ્રશંસાપાત્ર છે. શ્રદ્ધાનો લેખ એક મરાઠી નિબંધના આધારે આલેખવામાં આવ્યો છે તે નિબંધકાર એમ. એ. ની પદ્વિધારક છે. એ ઉપરથી આપણા પદ્વિધરોએ ધડો લેવા જેવું છે, અને પોતે મેળવેલા જ્ઞાન વડે જૈન તત્વજ્ઞાનનો અભ્યાસ કરી તેના મૂળ તત્વોનો ફેલાવો કરવાને પ્રયત્ન કરવા તેમને જો આપણે વિનંતી કરીએ તો તે અસ્થાને ગણાશે નહીં.

મી. અધ્યાયીના જણાવ્યા મુજબ અંધશ્રદ્ધા એ હૃદયની અત્યંત પામરતાને સૂચવનારી છે, એ વાત ખરી છે. જૈન શાસ્ત્રકારોએ જે શ્રદ્ધાને મહત્વ આપવા સૂચવ્યું છે, તે અંધશ્રદ્ધાને નહીં પણ સમ્યગ્ શ્રદ્ધા માટે.

શ્રદ્ધાનું પહેલું પગથીયું સમ્યગ્ જ્ઞાન છે. સમ્યગ્ જ્ઞાન સિવાય સમ્યગ્ શ્રદ્ધા થવી અશકય છે. અને સમ્યગ્ શ્રદ્ધા થયા શિવાય નિર્મળ ચારિત્રની પ્રાપ્તિ થઇ શકે નહીં, તેટલા માટે સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રને મોક્ષનું કારણ માન્યું છે. એનું શુદ્ધ રીતે આરાધન એ મોક્ષ પ્રાપ્તિનો ઉપાય માન્યો છે. અને તેજ આત્માની સર્વોત્કૃષ્ટ ઉન્નતિ સાધી શકે છે.

સમ્યગ્ જ્ઞાનથી જગતમાં રહેલા પદાર્થના સ્વરૂપનો યથાર્થ બોધ થાય છે. તે થયા સિવાય કદી પણ સમ્યગ્ શ્રદ્ધા થઇ શકે નહીં. જો તે થયા શિવાય કોઇપણ પદાર્થ ઉપર શ્રદ્ધા થાય તો તેમાં દુષણ આવવાનો સંભવ છે. સમ્યગ્ જ્ઞાન શિવાય પદાર્થના ઉપર શ્રદ્ધા કયારે થાય કે તેના વકતા ઉપર શુદ્ધ શ્રદ્ધા હોય ત્યારે. તેટલું થવાને માટે વકતા કોણ છે ? તેનું તથા તેના સ્વરૂપનું પહેલું બરોબર ઓળખાણ થવું જોઇએ. વસ્તુ યા પદાર્થનું સ્વરૂપ કહેનાર શુદ્ધ અને રાગદ્વેષ રહીત છે, એવી ખાત્રી થયા પછી તેના કહેવાનું યથાર્થ સ્વરૂપ સમજયા શિવાય તે જે કહે છે તે સત્ય છે, એવો વિશ્વાસ ઉત્પન્ન થવો એ પણ એક જાતની શ્રદ્ધા છે. તે શ્રદ્ધા એ સમ્યગ્ શ્રદ્ધાની કોટીમાં આવી શકે છે, પણ વસ્તુના સ્વરૂપનો યથાર્થ બોધ થયા પછી જે શ્રદ્ધા થાય તેના જેવી તે નિર્મળ હોઇ શકે નહીં. એટલા માટે પદાર્થ યા વસ્તુના સ્વરૂપનો શાસ્ત્રરિત્યા યથાર્થ બોધ કરવો એ દરેક જણની પહેલી ફરજ છે. વસ્તુ સ્વરૂપના યથાર્થ બોધ સીવાય ઉત્પન્ન થએલી શ્રદ્ધા દ્રઢ રહી શકતી નથી, તેનો પાયો કાચો રહે છે. વસ્તુ સ્વરૂપના યથાર્થ જ્ઞાન ઉત્પન્ન થયા પછી જે શ્રદ્ધા થવી તેજ શ્રદ્ધા એ વાસ્તવિક શ્રદ્ધા છે. અને તેજ શ્રદ્ધા આત્મિક ઉન્નતિને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મદદગાર થઇ પડે છે. આ શ્રદ્ધા એ દર્શન પ્રાપ્તિનો ઉપાય છે. અને બીજી રીતે કહીએ તો તેજ દર્શન છે. શ્રી વિજયલક્ષ્મીસૂરિ મહારાજ વીશસ્થાનક પદની પૂજામાં જણાવે છે કે "બોધ સુક્ષ્મ વિનુજીવને, ન હોય તત્વ પ્રતિત" આ વાતની સત્યતા અનુભવથી સમજાય તેવી છે.

કેટલીક વાતો આગમ પ્રમાણુ છે, અને તેમાં શ્રદ્ધા રાખ્યા શિવાય છુટકો નથી એ વાત ખરી છે. તોપણ જૈન શાસ્ત્રકારોએ એ કથન જે શાસ્ત્રમાં છે તે શાસ્ત્રના વચનની પ્રતિતી ઉત્પન્ન કરવા માટે આપણને કેટલીક સુચનાઓ કરેલી છે, તેઓ શાસ્ત્રના ફરમાનની ન્યાયી બુદ્ધિથી જેવી રીતે સોનાની પરીક્ષા ચાર રીતે કષ, છેદ, તાપ, અને કસોટીથી થાય છે, તેવી રીતે કરવા અને પરીક્ષા કર્યા બાદ તેના ઉપર શ્રદ્ધાન કરવા સૂચવ્યું છે તેઓ અંધ શ્રદ્ધાને વખાણતા નથી, પણ વાસ્તવિકને વખાણે છે.

શાસ્ત્રકારનું જ્ઞાન કેવું છે? તેના આચરણ કેવાં છે? શાસ્ત્રમાં પરસ્પર વિરોધ છે કે કેમ? અને યુક્તિ પ્રમાણથી તે કથન સિદ્ધ થાય છે કે નહી એટલી વાતોની ખાત્રી કરી પછી તેના ઉપર શ્રદ્ધા કરવાથી શુદ્ધ શ્રદ્ધા થાય છે, તેજ સમ્યગ્ શ્રદ્ધા જ છે પછી તેમાં ફેરફાર થવાનો સંભવ કમતી છે.

જીવદયા પાળવી સત્ય બોલવું, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય પાળવું, પરિગ્રહ ઉપરથી મુર્છા ઓછી કરવી અથવા તેનો ત્યાગ કરવો, આ પરંપરા મોક્ષનું કારણ છે. આ ફરમાનો ઉપર આગમથી શ્રદ્ધા માનતા પહેલાં પ્રત્યક્ષપ્રમાણથી આપણને એ ફરમાન ઉપર શ્રદ્ધા થાય તેમ છે. એને માટે જરા વિવેક બુદ્ધિથી વિચાર કરવાની જરૂર છે.

આ જગતની અંદર ઉપરના ફરમાનનો દેશથી અંગીકાર કરી તેનો અમલ કરનારની કીર્તિ વધે છે એટલુ જ નહિ પણ બીજાઓની અપેક્ષાએ તે પોતાનું જીવન ઘણી શાંતિથી ગુજારે છે. જ્યારે દેશથી તેનું પાલણ કરનારને પ્રત્યક્ષ રીતે એટલો ફાયદો થતો નજરે આવે છે, તોપછી સર્વથી તેનું પાલણ કરનારને કેટલો ફાયદો થવો જોઇએ, તે વિચારશીલ નક્કી કરી શકશે.

આત્મતત્વની ઓળખાણ થાય અને સ્વપર વસ્તુનું ભાન થાય તો પછી તેને બીજી ઘણી બાબતોનું જ્ઞાન થવાને સ્હેલું થઇ પડશે.

ધર્મનું આરાધન ચાર રીતે થઈ શકે છે. દાન, શિલ, તપ અને ભાવ. ભાવથી બાકીના ત્રણનું શુદ્ધ રીતે આરાધન એ આત્મતત્ત્વ પ્રગટ કરવાનો ઉપાય છે. તેનું થોડું થોડું પણ સેવન કરનારની કિંમત વધારે અંકાય છે, તોપછી તેનું સર્વથા પાલણ કરનારની કીમત કેટલી વધુ અંકાય એની ખાત્રી એજ શુદ્ધ શ્રદ્ધા છે. એમાં અંધ શ્રદ્ધાને જગ્યા જ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રોધ, માન, માયા અને લોભને વશ પડેલા જીવો કદર્થનાને પામે છે, અને તેનો થોડે થોડે અંશે પણ ત્યાગ કરનારાઓ તેની અપેક્ષાએ વધુ શાંતિમાં જીવન ગાળે છે, તો પછી જેઓએ સર્વથા તેનો ત્યાગ કરેલો છે, અથવા કરશે, તેના શાંત સુખનું ગણીત કરી જોઇએ એટલે પ્રત્યક્ષપ્રમાણથી આપણી ખાત્રી થશે કે કષાયોનો ત્યાગ કરવો એ ફાયદાકારક છે, એજ શુદ્ધ શ્રદ્ધા જ છે.

અન્યાયથી પ્રવૃત્તિ કરનાર કરતાં ન્યાયી પ્રવૃત્તિ કરનારની જગત્‌માં કિર્તિ વધારે થાય છે, અને પ્રાયે વધુ સુખી જોવામાં આવે છે. તો પછી સર્વથા ન્યાયી પ્રવૃત્તિ કરવી એમાં આગમપ્રમાણ કરતાં પ્રત્યક્ષપ્રમાણથી ખાત્રી થવા જેવું છે.

જગત્‌માં બે જાતના પદાર્થ છે, એક રૂપી અને બીજા અરૂપી. રૂપીમાં કેટલાક અત્યંત સુક્ષ્મ છે. રૂપી બાદર પદાર્થ દૃષ્ટિગોચર થઇ શકે, પણ અત્યંત સુક્ષ્મ રૂપી, અને અરૂપી પદાર્થ દૃષ્ટિગોચર થઇ શકે નહીં. અતી સુક્ષ્મ પદાર્થ સુક્ષ્મદર્શક યંત્રની મદદથી જોઇ શકાય, પણ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાસ્તિકાય, કાળ, અને જીવ, દ્રવ્ય, એ પાંચ અરૂપી છે. એ ચર્મચક્ષુનો વિષય નથી. એની ખાત્રી પ્રત્યક્ષ પ્રમાણથી થવા કરતાં આગમ પ્રમાણથીજ થઇ શકે, જો વિષયના યથાર્થ જ્ઞાતા પાસેથી અભ્યાસ કરવામાં આવે, અને ન્યાયી અને નિર્મળ વિચાચારોથી તેના સ્વરૂપની વિચારણા કરવામાં આવે, તો ખરેખરા સ્વરૂપની પણ ખાત્રી થવા જેવું છે.

ચૌદ રાજલોકમાં આપણે, ત્રીછાલોકમાં વસીએ છીએ. તેમાં પણ આપણે જેટલો પ્રદેશ જોયો હોય, તેટલો પ્રત્યક્ષ પ્રમાણથી માનીએ છીએ, અને ન જોયો હોય તેવા પ્રદેશ ભુગોળના જ્ઞાનથી તે છે એમ માનીએ છીએ.કોલમ્બસે અમેરીકા શોધી કાઢયો, તે પહેલાં તે પ્રદેશની કોને ખબર હતી? કોલમ્બસે અમેરિકા શોધી કાઢયો તે પહેલાં તે પ્રદેશ શોધી કાઢતાં જીવલેણ કષ્ટ સહન કરવું પડયું હતું, પણ તે પોતાની શ્રદ્ધામાં કાયમ રહ્યો, અને આગળ વધતો ગયો તો પોતાના નિશ્ચયનું ફળ તેને પ્રાપ્ત થયું. હજુ પણ જગતમાં ભુગોળથી જેટલા દેશ આપણે જાણીએ છીએ, તે કરતાં બીજા દેશો નથી, એમ કહેવાનો દાવો કોણ કરી શકે તેમ છે? ધ્રુવના પ્રદેશ તરફ શોધકો પ્રયાણ કરી નાશ પામે છે, પણ તેનો કેડો છોડતા નથી, જંબુદ્વિપ લાખ યોજન પ્રમાણ છે, મનુષ્યો અઢી દ્વિપની અંદર છે. તે તમામ પ્રદેશ પ્રત્યક્ષ પ્રમાણથી જોઇને ખાત્રી કરવાનો જો આપણે દાવો કરીએ,અને તે જોયા શિવાય તેનું અસ્તિત્વ ના કબુલ કરીએ તો પછી જે જે પ્રદેશો જેણે જોયા હોય તે શિવાયના ભુગોળમાં વર્ણન કરેલા પ્રદેશોનું અસ્તિત્વ નાકબુલ કરનાર ડાહ્યામાં ગણાય કે મુર્ખામાં ગણાય તે વિચારવા જેવું છે. તેજ પ્રમાણે ચૌદ રાજલોકને પોતાની દિવ્ય જ્ઞાન શકિતથી હસ્તામલક પ્રત્યક્ષ જોયા છે, તેઓએ ભુગોળના રૂપમાં અઢી દ્વિપનું જે વર્ણન કર્યું છે તે ખરૂં નથી અને ગપ્પાં મારેલાં છે, એવું માનનાર ભુગોળના જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રદેશને જોયા શીવાય નહીં માનનાર જે કોટીમાં આવે છે, તે કોટીમાં કેમ આવી શકે નહીં ? નહીં જોએલા પ્રદેશને માટે ભુગોળના વર્ણન કરનારના જ્ઞાન ઉપર આપણે આધાર રાખવો પડે છે, તો પછી અઢીદ્વિપનું વર્ણન કરનારના જ્ઞાન ઉપર કેમ વિશ્વાસ રાખવો નહીં ? વિશ્વાસ રાખવો એજ સમ્યગ્ શ્રદ્ધા છે.

જીવો બે પ્રકારના છે, સ્થાવર અને ત્રસ. સ્થાવર જીવો–પૃથ્વી, પાણી, તેજ વાયુ અને વનસ્પતિમાં જીવ છે એની શ્રદ્ધા આગમ પ્રમાણથી માનવી પડે છે, દાકતર બોશના શોધખોળ પછી હવે આ જમાનામાં એવું માનનારા નિકળ્યા છે કે, વનસ્પતિમાં જીવ છે તો પછી વિજ્ઞાનશાસ્ત્રની મદદથી વધુ તપાસ કરનારને બાકીના ચારના જીવને માટે ખાત્રી થવાનો વખત કેમ નહીં આવે ? પાશ્ચાત્ય કેટલીક પ્રજા માણસ જાત સિવાય પશુ પક્ષીમાં જીવ, આત્મા છે, એમ માનતા નથી તો પછી આપણે પણ તેમની પેઠેજ વગર વિચાર્યું માનવું ? જે પ્રત્યક્ષ પ્રમાણથી જીવ છે, એમ પ્રતિતી થાય છે, તે તે નહીં માનનારને આપણે આગમ પ્રમાણથી મનાવા જઇએ તો તેમાં તે ન માને તેમાં દોષ નહી માનનારનો કે મનાવનારનો ? તેવીજ રીતે જે જ્ઞાનીઓએ પોતાના નિર્મળ જ્ઞાનથી એ પાંચે સ્થાવરમાં જીવ છે, એમ ખાત્રી કરી કહ્યું છે. તે ખોટું છે એમ તેમના જેટલું જ્ઞાન મેળવી ખાત્રી કર્યા સિવાય આપણે શી રીતે માની શકીએ ? આ જગ્યાએ શ્રદ્ધાનુંજ કામ છે. આ અંધશ્રદ્ધા નથી, પણ આગમ શ્રદ્ધા છે. કેમકે આગમધરોના જ્ઞાનની આપણને આગમોની રચના ઉપરથી પ્રતિતી થાય છે.

ત્રસ જીવો પણ જે ઘણું સુક્ષ્મ શરીર ધારણ કરવાવાળા છે, તેઓને આપણે જોઇ શકતા નથી. પણ જંતુશાસ્ત્રના સેવકો પોતાની શોધખોળથી આપણને ખાત્રી કરી કહે છે કે જગતમાં સૂક્ષ્મ જંતુઓ એટલા બધા છે કે જે આપણી દૃષ્ટિએ માલમ પડતા નથી, જેઓ રોગ ફેલાવવાને કારણભૂત છે. મરકી, કોલેરા અને ક્ષયરોગાદિના જંતુઓની ઉત્પત્તિ અને તેના વિસ્તારનું જે વર્ણન કરે છે, તે ખરૂં છે, એવી શ્રદ્ધા તેમના કહેવા ઉપર આપણે જ્યારે રાખીએ છીએ, કે જે આપણી પ્રત્યક્ષ દૃષ્ટિથી આપણને જણાતા નથી. તો પછી ચૌદ રાજલોકની અંદર ભરેલી નિગોદના જીવોની પ્રતિતી કેવળજ્ઞાનીઓના કથનથી આપણે કેમ ખરી ન માનવી ? એ ખરી માનવી એજ શુદ્ધ શ્રદ્ધા છે.

પંચેંદ્રિ જીવો બે પ્રકારના છે, ગર્ભજ અને સમુર્છિમ. મળ મુત્રાદિ ૧૪ સ્થાનક તથા બીજા પણ અશૂચિના સ્થાનકમાં સમૂર્છિમ જીવો ઉત્પન્ન થાય છે. જેથી અશૂચિ ઉત્પન્ન થાય અથવા થયેલી હોય તો તે તાત્કાલિક સારૂં કરવા અને તેમાં જીવોની ઉત્પત્તિ ન થાય તેવી તજવીજ રાખવાનું અને તેવી તજવીજ કરવામાં પ્રમાદ કરનાર પંચેન્દ્રિ જીવોનો ઘાતક હિંસક બને છે, અને તે જીવદયા બરોબર પાળી શકતો નથી, એમ શાસ્ત્રકારોનું કથન છે. ગંદકીથી જીવોની ઉત્પત્તિ થઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોગોને જન્મ આપે છે એમ હાલનું મેનેટેશન ખાતું આપણને ખાત્રી પૂર્વક જણાવે છે. એ ઉપરથી જીવવિચારના અંગે જે જે કથન કરેલું છે, તેની આપણને પ્રતીતિ થાય છે.તેથી જ્ઞાનીઓના કથન ઉપર વિશ્વાસ રાખવો એ સમ્યગ્ શ્રદ્ધાજ છે.

તિર્થંકર ભગવંતને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી તેઓ સંઘની સ્થાપના કરી ગણધરોને ત્રિપદીનો ઉપદેશ કરે છે. તેજ પ્રમાણે ભગવંત મહાવીરે ત્રિપદીનો ઉપદેશ પોતાના પહેલા ગણધર શ્રી ગૌતમસ્વામીને કર્યો હતો. તે ત્રિપદીનો ઉપદેશ પામીને તેમણે અંગોની રચના કરી છે. જગતમાં રહેલા પદાર્થ ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, અને પ્રવાહપણે કાયમ રહે છે. અને પ્રવાહની અપેક્ષાએ આ જગત અનાદિ અનંત છે. જગતમાં રહેલા પદાર્થોનો અભ્યાસ કરવાથી આ કથનની આપણને પ્રતિતી થાય છે એક મોટી નદીનો પ્રવાહ જુઓ. પ્રવાહનું પાણી ચાલ્યું જાય છે. પાછળથી નવું આવતું જાય છે અને પ્રવાહ રૂપે પાણી કાયમને કાયમ રહે છે. જંગલની અંદર જુના ઝાડો નાશ પામે છે, નવીન ઉત્પન્ન થાય છે. અને પ્રવાહ રૂપે જંગલ કાયમને કાયમ રહે છે. જન્મ મરણની નોંધ અને ૧૦-૧૦ વર્ષે થતા સેનસસ રીપોર્ટ ઉપરથી આપણી ખાત્રી થાય છે કે દરરોજ સંખ્યાબંધ માણસો મરણ પામે છે, જન્મે છે અને પ્રવાહ રૂપે વસ્તી કાયમની કાયમ હોય છે. આ સ્વરૂપ સમજી જ્ઞાનીઓના કથન ઉપર વિશ્વાસ રાખવો એ સમ્યગ્ શ્રદ્ધા છે.

જીવ, અજીવ, પૂણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, અને મોક્ષ એ નવ તત્વ જીનાગમમાં માનવામાં આવેલ છે. પૂણ્ય, પાપ, એ બન્ને એકરીતે આશ્રવ છે, તેથી તેમને આશ્રવના પેટામાં ગણી લેવામાં આવે તો સાત તત્વ ગણાય છે. આ તત્વોનું યથાર્થ સ્વરૂપ સમજી તેનું શ્રદ્ધાન કરવું એ પણ સમ્યગ્ શ્રદ્ધા છે. આ તત્વોનો યથાર્થ બોધ કરી આદરવા લાયક તત્વોને આદરવા, અને ત્યાગ કરવા લાયક તત્વોને ત્યાગ કરવા, યથાશક્તિ ઉદ્યમ કરવો એ દરેકની ફરજ છે. યથાશક્તિ સમ્યગ્ પ્રકારે આચરણ કરનારમાં જ્ઞાન અને શ્રદ્ધાન હોઇ શકે, પણ તે પ્રમાણે નહી કરનારામાં તે બન્ને છે કે કેમ એ સંશય ઉત્પન્નકર છે, એમ જ્ઞાનીઓની માન્યતા છે.

સમ્યક્ શ્રદ્ધાનવાળા જીવના મનમાં આટલી વાત નિઃસંશય રીતે આવવી જોઇએ કે, જીવ છે, તે ક્ષીર નિરની પેઠે કર્મ પુદ્ગલ મિશ્રિત છે, તેમ તે પુદ્ગલથી ન્યારો પણ છે, તે અનાદિ અનંત નિત્ય છે. પૂનર્જન્મ છે, નરક, તિર્યંચ, મનુષ્ય, અને દેવગતિ એ જીવદ્રવ્યના પર્યાયરૂપે છે, પણ તે પોતે દ્રવ્યરૂપે અવિચળ અને અખંડીત છે. તે નિશ્ચયથી પોતાના ગુણોનો અને વ્યવહારથી કર્મનો કર્તા છે. તે પોતાના શુભાશુભ કર્મના વિપાક-ફળનો ભોક્તા, અને નિશ્ચયથી સ્વગુણનો ભોક્તા છે. મોક્ષ છે, જે અચળ, અનંત સુખનું ધામ છે. સંયમ અને જ્ઞાન એ મોક્ષપદ મેળવવાના ઉપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈત્યાદિ ઘણી વાતોનું જ્ઞાન કરી દરેકે પોતાનું સ્વરૂપ શું છે તે ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ, એ જ્ઞાન મેળવ્યાનું અને સમ્યક્ શ્રદ્ધા કર્યાનું ફળ છે. સ્વ સ્વરૂપ ઓળખી પુદ્ગલના સંગમાં જે રાચવા અને માચવાપણું કરીએ છીએ તેમાં ઓછાશ કરવી, અને સ્વસત્તા પ્રગટ કરવી એ કર્તવ્ય છે. આપણું ભાવિ સુધારવું અથવ બગાડવું, આપણી આત્મિક ઉન્નતિ કરવી કે અવનતિ કરવી એ કેવળ આપણા પોતાના મનોવ્યાપાર ઉપર આધાર રાખે છે. વ્યવહારિક યા ધાર્મિક જ્ઞાન, ગમે તે જ્ઞાન મેળવો પણ જો આપણામાં વિચાર નિર્મળતા–શુભ પ્રણતિનો ગુણ ઉત્પન્ન ન થાય તો, તે જ્ઞાન પોપટીયા જ્ઞાનની ગણત્રીમાં કેમ ન આવી શકે ? જે જ્ઞાન મેળવવાને માટે આપણે ઘણા દ્રવ્યનો વ્યય કર્યો, ઘણો કાળ તેની પાછળ કાઢયો, તે જો આપણી પ્રણતિ, વિચારો સુધારવાને અને જાત સુધારવાને મદદગાર ન થાય, તો પછી એ શ્રમની શું કિમત ? ઘાંચીનો બળદ ગમે તેટલાં ચક્કર ખાઇ પોતે કેટલા પ્રદેશની મુસાફરી કરી તેનો ચક્ષુ ઉપર લાગેલા દાબડા ખશેડી વિચાર કરે છે તો તે પોતાની અસલ જગ્યાએથી લગાર પણ દુરના પ્રદેશમાં ગએલો જણાતો નથી, તેવી સ્થિતિ આપણી કેમ ન ગણાય. જૈન દર્શનનું જ્ઞાન એ આત્મિક પાવર પ્રગટ કરવા, ખીલવવાની પ્રબળ નિમિત્તરૂપ, અને આત્મિક ખજાનો ખુલ્લો કરવાને ચાવીરૂપ છે. તેનો સમ્યગ્ રીતે અભ્યાસ કરનાર વિચાર નિર્મળતાના ઉંચ પ્રદેશમાં પ્રવેશ કરી સુગુણોરૂપી ફૂલ ફળની પ્રાપ્તિ કર્યા સીવાય રહેનાર નથી

માટે સમ્યગ્ જ્ઞાન પૂર્વક સમ્યગ્ શ્રદ્ધા કરી તદ્ અનુસાર વર્તન કરવા યથાશક્તિ પ્રવૃત્તિ કરવી એ આપણું કર્તવ્ય છે.

લેખક,
**વકીલ નંદલાલ લલ્લુભાઇ**
**વડોદરા.**

# સાંવત્સરીક ક્ષમાપનાના પત્રોનો પ્રત્યુત્તર.

**(લેખક–સદ્ગુણાનુરાગી મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ મુ. પલાંસવા.)**

લિ૦ સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી તરફથી. તત્રત્ય શ્રી વીતરાગ શાસન રસિક સર્વ શ્રાવક શ્રાવિકા વર્ગ જોગ ધર્મલાભાશિષ, અપરં, નામવાર સહુને પત્રોત્તર લખી શકાય નહીં એમ સમજી સાથેજ પ્રત્યુત્તર પાઠવ્યો છે. અત્ર શ્રી ધર્મ પસાયે સુખશાન્તિ ધર્મના આરાધનથી સહુ કોઇને સુખશાન્તિ અચૂક થાય જ. તથાસ્તુ !

તમે સહુ ભાઇઓ તથા બ્હેનો પત્રથી ખાંમણા કરો છો તે મુજબ અત્રે ખમીએ છીએ અને સહુને ખમાવીએ છીએ. છદ્મસ્થતાથી થયેલ કંઇ પણ અપ્રિતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ ખમશો. સાધ્વીજીઓને પણ એજ રીતે ખમવાનું કહેશો. તેમના પત્ર મળ્યો છે. ક્ષમા સહિત યતિધર્મ ( મુનિમાર્ગ ) પાળવો દુષ્કર છે તે પ્રમાદ રહિત પાળે તેની બલિહારી છે. તેવા મુનિજને સદાય વંદન–નમસ્કાર કરવા યોગ્ય છે. ધર્મને જાણી–આદરી પાળી ધર્મને ઉપદેશી જે મહાશયો પવિત્ર ધર્મને દીપાવે છે, તેમને ધન્ય છે, એવા મુનિજનો સર્વત્ર, આ લોક ( આ ભવ ) પરલોક ( પરભવ ) સાર્થક કરે છે.એવા નિગ્રંથ–નિરાગી-નિર્દંભી મુનિજનોને મ્હારી વંદના હો! હું એવા નિગ્રંથ મુનિજનોનો દાસ થવા ઇચ્છું, એમના ગુણ જોઇ પ્રમુદિત થાઉં, તેમનો અનુગ્રહ ચાહું અને તેમની જેવો ક્યારે પવિત્ર થાઉં એવું સદાય ચાહું; પ્રભુ કૃપાએ એ મનોરથ ફળે !

આવા નિગ્રંથ મુનિજનોની સેવા ચાકરી પણ ભાગ્યશાળી જનોનેજ મળે છે. કપટ રહિત એવા નિગ્રંથના દાસ થઇને રહેનાર અથવા શ્રાવક ધર્મને સારી રીતે સમજી આદરી પાલનાર શ્રદ્ધાળુ શ્રાવક જનો પણ આ કાળમાં ભાગ્યે–ભાગ્યજોગે લાભી શકે છે. જેઓ ઝવેરીની પેરે મુનિગુણોને રત્નની જેમ પારખી શકે છે અને તેનો યથાશકિત આદર કરવા ઉજમાળ રહે છે, ઉપદેશમાળામાં આવો શ્રાવકનો માર્ગ વખાણ્યો છે. શુદ્ધ સાધુનો માર્ગ ન પળે તેને ઉપર મુજબ શ્રાવકનો ધર્મ આદરવો ઉચિત કહ્યો છે નહિ તો છેવટે મુનિ વિષે શુદ્ધ નિગ્રંથ સાધુના દાસ રૂપ થઇનેજ રહેવા હિત શિખામણ આપી છે અત્યારના દ્રવ્ય,ક્ષેત્ર,કાળ, ભાવ જોતાં સહુ કોઇ મોક્ષના અર્થી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓએ એક દીલથી અરસપરસ સંપીને–હળી મળીને ધર્મ સાધન વડે ધર્મ દીપાવવો જોઇએ. આપણી જૈન સમાજમાં જોઇએ તો નીચેની બાબતોની બહુજ જરૂર છે. નાના મ્હોટા ભાઇ બ્હેનોને તે વગર શુદ્ધ ધર્મની પ્રાપ્તિ અશકય છે. તે વગર ખરૂં સુખ નથી. માટે મુદ્દાની વાત જણાવાએ છીયેઃ–

## " હિતશિખામણ. "

૧ પરાયાં છિદ્ર–ચાંદા જોવાની કુટેવ તજી ગુણગ્રાહી ને ગંભીર થવું.

૨ શરીર સુંદર અને નીરોગી રહે એવા ખાનપાનાદિકના ખાસ નિયમો રાખવા.

૩ સહુને શીતળતા ઉપજે એવી ઠંડી અને મળતાવડી પ્રકૃતિ રાખવી.

૪ આપણે સહુને પ્રિય–વહાલા લાગીયે એવો સહુ પ્રત્યે પ્રેમભાવ રાખવો.

૫ દુઃખ સહન કરવા અને ટેક પ્રતિજ્ઞા પાળવામાં દૃઢતા રાખવી–ઢીલા ન થાવું. પરાયાં દુઃખ કાપવા લાગણી રાખવી. કઠોર દીલના ના થાવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ પરભવનો યા પાપનો ડર રાખી અનીતિ-અન્યાયથી હઠતા રહેવું.

૭ બીજાને છેતરવા જતાં આપણો આત્મા જરૂર ઠગાય છે, એમ સમજી છળ પ્રપંચ, દગો ફટકો વિશ્વાસઘાત વિગેરેથી જરૂર દૂર જ રહેવું.

૮ વડીલની કે સમુદાય પ્રેરણાથી શુભ કામ કરવા આનાકાની કરવી નહિ.

૯ જાતિકુળની લાજ સચવાય એ રીતે ડહાપણથી સન્માર્ગે ચાલવું.

૧૦ કોઇપણ દીન દુ:ખી કે અનાથને દેખી દયાર્દ્ર બની ઉચિત કરવું.

૧૧ પક્ષપાત બુદ્ધિ તજી ગમે તે સદ્દગુણી તરફ જ મનનું વલણ રાખવું.

૧૨ સદ્દગુણ-રત્નનું પારખું કરીને કાયમ સદ્દગુણીનાજ રાગી બનવું.

૧૩ સત્યની ખાતર પ્રાણ પાથરવા, પણ પોતાના પ્રાણ રાખવા માટે સત્યનું ખંડન ન કરવું.

૧૪ પોતાનું આખું કુટુંબ ધર્મચુસ્ત બને તેવી કેળવણી કાયમ રાખવી.

૧૫ કોઇપણ કામ, તેના પરિણામનો યોગ્ય વિચાર કરીને જ કરવું. સહસા ન કરવું, વિચારીને કામ કરનાર પરિણામે લાભ મેળવે છે.

૧૬ મનુષ્ય તરીકે અને એક જૈન તરીકે વિશેષ કર્તવ્ય સારી રીતે સમજવું.

૧૭ આચાર વિચારમાં કુશળ એવા શિષ્ટ પુરૂષોને અનુસરી ચાલવું.

૧૮ વિનય જ ધર્મનું મૂળ છે, એમ સમજી સદા સદ્દગુણી પ્રત્યે નમ્રતા રાખવી.

૧૯ માતા, પિતા, સ્વામી, વિદ્યાગુરૂ અને ધર્મગુરૂ પ્રમુખનો ઉપકાર કદાપિ કાળે ન ભૂલવો પણ યથા અવસર પામી તેમનો બદલો વાળવા કાયમ લક્ષ રાખવું.

૨૦ તનથી, મનથી, વચનથી કે ધનથી બની શકે તેટલો પરોપકાર જરૂર કરવો.

૨૧ સર્વ કાર્યમાં પ્રવીણતા અને ચંચલતા પામી કાર્યકુશળ બનવું.

ઉપરના ૨૧ ગુણોવડે આપણે પવિત્ર **ધર્મરત્નને** યોગ્ય બની શકીશું. આ સાથે માર્ગાનુસારીપણાના જે ૩૫ ગુણો ધર્મબિન્દુ ગ્રંથમાં વિસ્તારથી કહ્યા છે તેનો ખપ કરવાવડે આ ભવ ને પરભવ બન્ને સુધારી શકાશે. સુજ્ઞ ભાઇ બ્હેનોને વધારે શું કહેવું. ધર્મ પ્રભાવે સહુનું શ્રેય થાઓ. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सूक्तरत्नावली.

( ગતાંક પૃષ્ટ ૪૪ થી શરૂ. )

बिभर्ति भृशमुल्लासं, सद्वृत्त[1]: पीडितोऽपि हि ।
किं नाऽभून्मार्दवं भूरिवह्नौ मुक्तेऽपि पर्पटे ? ॥ १६ ॥

જે સદ્વૃત્ત[2] હોય તે પીડામાં પણ વિશેષ ઉલ્લાસ ધારણ કરે છે પાપડને ઘણાં અગ્નિમાં મુકવાથી પણ શું તે વિશેષ કોમળ નથી થતો ? ૧૬

सेव्यः स्यान्नार्थिसार्थानां, महानपि धनैर्विना ।
सेव्यते पुष्पपूर्णोऽपि, पलाशः षट्पदैर्न यत् ? ॥ १७ ॥

મોટો માણસ હોય પણ દ્રવ્ય વિના યાચકોના સમૂહને સેવવા યોગ્ય થતો નથી. પલાશનું વૃક્ષ પુષ્પોથી પૂર્ણ હોય છે, પણ ભમરાઓ તેને સેવતા નથી ૧૭

हन्त ! हन्ति तमोवृत्तिर्माहात्म्यं महतामपि ।
अभवत् प्रथमः पक्षः, श्यामः शशिनि सत्यपि ॥ १८ ॥

મોટા પુરૂષોમાં જો તામસી વૃત્તિ હોય તો તે તેનું માહાત્મ્ય હણી નાંખે છે. ચંદ્રનો ઉદય છતાં પણ પહેલું[3] પખવાડીયુ કૃષ્ણપક્ષ ગણાય છે. ૧૮

सतामपि बलात्काराः, सुकृते न च दुष्कृते ।
घृतं भुङ्क्ते बलादश्वस्तृणान्यत्ति स्वयं च यत् ॥ १९ ॥

સત્પુરૂષોને પણ સુકૃત કરાવવામાં બલાત્કાર કરવો પડે છે. દુષ્કૃતમાં કરવો પડતો નથી. અશ્વ બલાત્કારે ઘી પીવે છે અને ઘાસ પોતાની મેળે ખાય છે. ૧૯

वासरास्ते तु निःसाराः, ये यान्ति सुकृतं विना ।
विनाङ्कं बिन्दवः किं स्युः, संख्यासौभाग्यशालिनः ? ॥२०॥

કાંઈપણ સુકૃત કર્યા વગરના દિવસો સાર વગરના થાય છે. આંક વગરના મીંડા શું સંખ્યાના સૌભાગ્યથી સુશોભિત થાય છે ? અર્થાત્ જેમ આંક વગરનાં મીંડા નકામા થાય છે, તેમ સુકૃત કર્યા વગરના દિવસો નકામા જાય છે.

भवन्ति सङ्गताः सद्भिः, कर्कशाः अप्यकर्कशाः ।
किं चन्द्रकान्तश्चन्द्रांशुसंश्लिष्टो न जलं जहौ ? ॥ २१ ॥

---

१ सुचरित्रः पक्षे सुवर्तुलः ॥

૨ પાપડ સદ્વૃત્ત–સારી રીતે ગોળાકાર હોય છે.

૩ પૂર્ણિમા પ્રમાણે માસની ગણત્રીમાં કૃષ્ણપક્ષ પહેલું પખવાડીયું ગણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કઠોર હૃદયના માણસો પણ જો સજ્જનના સમાગમમાં આવે છે, તો તે કોમળ હૃદયના થઈ જાય છે. ચંદ્રકાંત મણિ કઠણ છે, છતાં ચંદ્રના કિરણોના સમાગમના આવવાથી શું જલ નથી છોડતો ? ૨૧

स्वोऽपि संजायते दौस्थ्ये, पराभूतेर्निबन्धनम् ।
यत्प्रदीपप्रणाशाय, सहायोऽपि समीरणः ॥ २२ ॥

નઠારી સ્થિતિ આવે છે, ત્યારે સ્વજન પણ પરાભવનું કારણ બને છે, વાયુ અગ્નિનો સહાયકારી કહેવાય છે, છતાં પણ દીપક બુઝાવી દે છે. ૨૨

दोषोऽपि गुणसंपत्तिमश्नुते वस्तुसङ्गतः ।
यन्निन्द्यमपि काठिन्यं, कुचयोरजनि श्रिये ॥ २३ ॥

દોષ પણ કોઈ વસ્તુના સંગથી ગુણની સંપત્તિ પામે છે, કઠિનપણું નિંદવા યોગ્ય ગણાય છે, છતાં પણ તે સ્તનનો અંદર શોભામાં ગણાય છે. ૨૩

दोषं विशेषतः स्थानाऽभावाद्याति गुणः सखे ! ।
न निन्द्या स्तनयोर्जज्ञे, नम्रताऽभिमतापि किम् ? ॥ २४ ॥

હે મિત્ર, ગુણ પણ પોતાના સ્થાનના અભાવથી વિશેષ દોષપાત્ર થાય છે. નમ્રતા સર્વ સંમત છે, છતાં સ્તનની નમ્રતા શું નિંદવા યોગ્ય નથી ગણાતી ? ૨૪

गते तेजसि सौभाग्यहानिर्ज्योतिष्मतामपि ।
यन्निर्वाणः शमीगर्भो, रक्षेयमिति कीर्त्यते ॥ २५ ॥

તેજસ્વી પુરૂષોને પણ તેજ ગયા પછી તેમના સૌભાગ્યની હાની થાય છે. બુઝાઇ ગયેલો અગ્નિ આ રાખ છે એમ કહેવાય છે. ૨૫

प्रायः पापेषु पापानां, प्रीतिपीनं भवेन्मनः ।
पिचुमन्दतरुष्वेव, वायसानां रतिर्यतः ॥ २६ ॥

પ્રાયે કરીને પાપીઓનું મન પાપીઓમાં જ પ્રીતિવાળું થાય છે. કાગડાઓની પ્રીતિ લીંબડાના વૃક્ષ ઉપર જ થાય છે.

प्रायशस्तनुजन्मानोऽनुयान्ति पितरं प्रति ।
धूमाज्ज्ञाते हि जीमूते, कलितः कालिमा न किम् ? ॥ २७ ॥

પ્રાયે કરીને છોકરાઓ પોતાના બાપ જેવા જ થાય છે, ધૂમાડામાંથી થયેલા મેઘમાં કાળાશ શું નથી દેખાતી ? ૨૭ અપૂર્ણ.

१ शमीगर्भः अग्निः । २ निम्बवृक्षेषु ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન યતિઓની સાહિત્યસેવા.

( ગત વર્ષના ૧૧ મા અંકના પા૦ ૩૧૩ થી શરૂ. )

જૈન યતિઓએ સાહિત્યસેવા કેવી અને કેટલી બજાવી છે, તે તેઓના રચેલા અનેક ગ્રંથે થી જાણી શકય છે. ગુજરાતી ભાષામાં મુખ્ય ફાળો આપનાર પણ જૈન સાહિત્ય છે અને ગુજરાતી ભાષા ઘણુંાંજ લાંબા વખતથી અને સૌથી પ્રથમ જૈનોના ગ્રંથામાંથી નીકળે છે એ વાત હવે નિર્વિવાદ છે. તેજ રીતે આ ગ્રંથ કે જેમાં ઘણી જુની ગુજરાતી ભાષાના શબ્દો છે, અને તે ઉપરથી પણ સહિત્ય ઉપર સારૂં અજવાળું પડે છે. આ લેખમાં તેવા ગ્રંથોના ઉતારા છે, અને તેમાં આપવામાં આવેલ દરેક વસ્તુનું વર્ણન જુની ગુજરાતી ભાષાનું સારૂં અજવાળું પાડે છે.

प्राचिन राजाओनी सभामां बेसता क्षत्रीओ तथा रजपूतोनी त्रीश जातिनुं वर्णन.

पमार, ( परमार ) राठौड़ ( राठोड़ ) चौहाण, गहिलोत दहिया, सेणचाबोर, काबा, सोलंकी, खैर, मोरी, निकुंज, टाक, गोहिल, पड़िहार, चावड़ा, झाला, बूर, कागवा, जेठवा, रोहिल, बूसा, बारड़, खीची, षखरड़, डोडीया, हरिघड़, डाजा, तूयर, कोरड़, गौड़, मकवाणा, यादव, कच्छवाहा, जाटी, सोनीगरा, देवड़ा, सीसोदीया मोहिल ए प्रमाणे.

वस्त्रना नाम.

साद्दू, सेल्हा, सिरिसाप, सिणिया, सूसी, चादर, स्रूप, सकलात, सीता, सारसीसींहूरी, छींट, चौर, साचीर, चूनड़ी, चीणी, चकला, चादरमीठा, मलमल, मुखमल्ल, महमूदी मसझर, पांजेड़ी, पटका, पछेड़ी पाढ, पीतांबर, पटोला, पंचपटा, पट्टू, अटाण, अधोतरी, अतलस, एलाइचा, षासाखेस, षेरी, षारी, नैरव, बाहादरी, विदामी, दरियाइ, जतारी, घरमाघटी, कंत्राइण, कामखानी, कचियाकणी, कसबी, कसंबुल, जरबाप, बासता, तासता, बुलबुलचसमा, मुलताणी छींट, बंदनी छींट, सिरुंजनी छींट, सांगानेरी छींट. विगेरे.

घरनी उपमाना नाम.

मोटां घर, गयणांगण लागेंकर, बेंठानकोड़र, घणांघनधानधनोजरचिहूंखूणेंवासेंअगर, सेझेंफूलनाफगर, मोटाआटाला, विहाजड्यामवाला, आडादीधाजाला, जेमांहिली वस्तुना रखवाला, हवेंमोटीसाल, तिहांखेलेबाल, घरेंघणांसोनानाथाल, जिमइंसालनेंदाल, सुरहाघोनीनाल, तोरणेमोतीनीमाल, सोनानीटंकशाल,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दिसतविसाल, लागेघणुंरसाल, तेवन्नीविशेषेंत्ररसाल, मोडाकमारू, केरूनाझारू, जिमेंप्राहुणा, नीओल, घूमेविलोवणाक्षमझोल, सोहवनारिकरेंरंगरोल, साधुनें-दीजेंदान, घणापक्कवान, उन्हाधान, रुडेंवान, घणाआदरमान, दयापाले, दुखी-नादुःखफूलें, नीखारीनेंदीजेअन्न, तोहोजलांपाम्योधन्न, आवतांजातांआदर, एहवासाहुकारनाघर. एवं.

शृंगारमां वपराती चीजोना नाम

अणवट, अंगूठी, वींछीया, पोलरीकरू, वालला, हार, अर्द्धहार, ठलरू, तिलरू, चौकी, चीरम, मोरही, माला, धरू, मोतिसिरी, सेंथो, घूघरी, राखरूी, पाव्यल हेली, टीकी, काजल, कुंकुं, केसर, कांबी, कांकण, कटिमेखली, झांझर, बाजूबंध, बहिरखा, पुणचियाछाप, वींटी, एवं.

बननुं वर्णन.

अंब, नींब, नींबू, बीली, बाउल, बोर, बीजोरां, बदाम, कंकोल, कमल, केलि, कदंब, कयर, करंज, कणयर, केसूं, कोरंट, केंवच, कालुंबरी; तालतमाल, तगर, अगर, अरणी, करणी, श्रीखंड, अखोड, अपनस, असोख, आउल, आंबिली, इक्षु, एलंची, आंमला, अंजीर, शाहर, सदाफल, सोपारी, सीसम, सरघू, गून्नर, गूंदी, जंबू, जालि, नागरवेल, रांयण, राहिडो, दाडिम, द्राक्ष, वगेरे.

सुगंधि वृक्षना नाम.

जाइ, जूही, जासूल, नाग, पुन्नाग, चांपो, दमणो, वालो, वेल, पाडल, पींपलकुंद, मचकुंद, केतकी, केवडो, मोगरो, मालती, मरुओ, सेवंत्री, शतपत्र, सहस्रपत्र, सहकार, विगेरे.

बनना मीष्ठ फळ केवा होय.

रूडा, रंगीला, मीठा, मधुरां, फूटरां, फरहरां, पाकां, पडवडां, सुहालां, सुगंध, सकोमल, सदाफल, फूल, फलपत्र, पल्लव, मालपवाल, मंजरी, मकरंद, परिमल, पराग, छाया, सुहामणी, विगेरे.

बनमां क्रीडा करती स्त्रीओनुं वर्णन.

चंद्रमुखी, चकोराक्षी, चातुर्यवती, चित्तहरणी, हंसगती, हसतमुखी, पद्मनी, पीनस्तनी, गोरांगी, गुणवती, नतांगी, नव-यौवना सिंहलंकी, सुलक्षणी, मधुरभाषिणी, कोकिल-कंठी, पद्मगंधी, सुकुमालशरीरा, नवोढा, पातलपेटी, मोहनगारी, मीठाबोली, हेजाली, सीलेगागव.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वनमां क्रीडा करती कदरुपी स्त्रीओनुं वर्णन.

काली, कुरूपाली, कुब्जित, कुहाड, कुतरी, रांटी, रीसाल, रोमाली, रोवती, चूंची, चीपडी, सूंगामणी, सुंषणी, मांजरी, महानीच, हठीली, हरामजादी, जीभारी, जूठाबोली, कलेसणी, कुपात्र.

मेवाना नाम.

किसमस, केला, अंगुर, अनार, अखरोट, आलू, अंजीर, अखोड, बिदाम, बीजोरा, वरमोलां, खजुर, खलहला, खारिक, खरबूजा, खिरणी, नारंगी, निमजां, सेवसहित, सदाफल, श्रीफल, सोपारी, सिंघोडां, सरदां, चारोली, चाबंग, तूत, तरबूज, फालसां, जरदालू, पिस्ता, पिस्तालू.

सुखडीना नाम.

पुंडीपेंडा, पांति, पापडी, पतासा, पीठापाक, नालेरपाक, निशोत्रापाक, खाजाखांड, कतेली, खुरमांखांड, दहीवडां, हमीदो, दोठां, दल, दाला, गुंदपाक, गणा, गांठिया, गुंदवडां, गुंजा, गलपापडी, गलेफी, मुरकी, मोतीचूर, मावो, मगद, तिलसांकली, सेव, गांठीया, सक्करपारा, सुहाली, सोरुं, साकरिया-चिणा, बरफी, बरफी, हेसमी, घेवर, फीणा, लाडू, लापसी, अकबरी, जलेबी, चूरमो.

अपूर्ण.

योजक,

शेठ प्रेमचंद रतनजी.

# પ્રાચીન અને અર્વાચીન જૈન.

જૈનોની પ્રાચીન ભાવનાનો જ્યારે વિચાર કરવામાં આવે છે, ત્યારે અર્વાચીન ભાવનામાં કેટલો બધો ફેરફાર થઇ ગયો છે? તે પ્રત્યક્ષ જણાઇ આવે છે. પ્રાચીન ભાવનાઓમાં અર્વાચીન કાળમાં પ્રગટેલા મલિન તત્ત્વો ઘણાં જ ઓછા હતાં અને અપવાદરૂપે કવચિત્ જ તે તત્ત્વોનું દર્શન થતું હતું. જે અત્યારે વિષમતા પ્રસરેલી જોવામાં આવે છે, તેનું કારણ આર્હતધર્મમાં પ્રધાન તત્ત્વરૂપે મનાએલા સમતાના તત્ત્વનો અભાવ છે. સમતા અથવા સમાનભાવ એ તત્ત્વ ઉપર જ જૈનોની મહત્તા ટકી રહી હતી. મહાત્મા હરિભદ્રસૂરિએ એ તત્ત્વને માટે ઘણું વિવેચન કરી સમજાવ્યું છે. અને તેની પુષ્ટી માટે મૈત્રી ભાવનાનું મહત્વ દર્શાવ્યું છે. જ્યાં સર્વ સાથે મૈત્રી–સમભાવ પ્રવર્ત્તતો હોય, ત્યાંજ ખરૂં જૈનત્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેલું છે. પ્રથમ જગતના સર્વ જીવોની સાથે મૈત્રી–સમભાવ હોવો જોઇએ, તો પછી મનુષ્ય જીવો કે જે પરસ્પર ઉપયોગી અને ઉત્તમ જીવનને ધારણ કરનારા છે, તેમની સાથે મૈત્રી–સમભાવ રાખવો એ જૈનોને આવશ્યક જ હોય તેમાં શું કહેવું? આર્હતધર્મની બધી ઇમારત સમભાવ ઉપર રહેલી છે. સમભાવ શિવાય એ ઈમારત રહી શકતી નથી. કેટલાએક એમ માની બેસે છે કે, સમભાવની માત્ર ભાવનાજ કરવાની છે, પણ વસ્તુતાએ તેમ નથી, કોઇ પણ ભાવના ક્રિયા વિના સફળ થતી નથી. માત્ર ભાવીને જ બેશી રહેવાનું હોય તો તે ભાવના સર્વ પ્રકારે ઉપયોગની નથી. ભાવનાનું બળ ક્રિયામાં જ વર્ત્તાય છે. તેથી પ્રત્યેક જૈને સમભાવની ભાવનાને ક્રિયામાં મુકવા સદા તત્પર રહેવું જોઇએ.

પ્રાચીન જૈનત્વમાં એ સમભાવનો પ્રકાશ વિશેષ હતો. તેઓ ધર્મને વર્ત્તનમાં લાવનાર સમભાવ છે, એમ માનતા હતા અને તેને વ્યવહારની સર્વ ક્રિયાઓમાં પણ યોજતા હતા, આથી તેમના હૃદયમાં સમભાવવડે ઐક્ય પ્રવાહરૂપે સતત્ વહ્યા કરતું હતું; જેથી કુસંપનો એક અંશ પણ પ્રગટ થવા પામતો નહિ. તેમના અંતઃકરણના ઉંડા પ્રદેશમાં રહેલા સમભાવરૂપ અમૃતના પ્રભાવથી કુસંપના વિષનો એક છાંટો પણ રહેવા પામતો નહિં. તેઓ આર્હત સિદ્ધાંત પ્રમાણે ભિન્ન ભિન્ન આત્માઓ માનતા, પરંતુ તેમાં રહેલ આત્મત્ત્વ-જીવત્ત્વ એક છે (સર્વ જીવ સરખા છે) એવું સમજી આ અખિલ વિશ્વના આત્માને એકરૂપે નિરખતાં અને તેથી તેમના કલ્યાણની ભાવના સદા ભાવ્યા કરતા હતા.

અર્વાચીનકાલે જૈનો એ તત્ત્વની મહત્તા ઓળખી શકતા નથી; તેથી તેમના ધર્મ, આચાર, વિચાર અને નીતિમાં વિષમતા પ્રસરેલી જોવામાં આવે છે. સર્વત્ર અહંભાવ વધી ગયો છે. ધર્મનું સ્વરૂપ સમજનારાઓ પણ અહંભાવથી મુક્ત થઇ શકતા નથી. ધર્મમાં પણ 'હું અને મારૂં' એ નિયમજ મુખ્યપણે પ્રવર્ત્તે છે. તે અહંભાવને લઇને ધર્મ અને વ્યવહારમાં અનેકાનેક ભેદ પડી ગયા છે, અને પડતા જાય છે. આથી નીતિના ધોરણો શિથિલ પડવાથી સંઘ અને જ્ઞાતિની અવ્યવસ્થા થઇ પડી છે. આવી પ્રવૃત્તિને લઇને જૈનો પોતાની ઉન્નતિના સાધનો મેળવી શકતા નથી. અને કદિ અન્યનું અનુકરણ કરી ઉન્નતિ મેળવવા માટે વિવિધ સાધનો ઉભા કરવા જાય છે, તો તેમાં તેઓ સર્વ પ્રકારે વિજયી નિવડી શકતા નથી.

પ્રાચીન જૈનો વિરક્તભાવને વધારે પસંદ કરતા, નિર્વેદ ઉપર તેમને ઘણી આસ્થા હતી. કીર્તિના તીવ્ર લોભને અંગે સંસારની ખટપટ ઉપર તેમને વિશેષ રૂચિ ન હતી, પરંતુ તેઓ સંસારના માર્ગને પણ ધર્મમય અને સુખમય બનાવવાને પ્રયત્ન કરતા હતા. અને તે માર્ગે રહી અધ્યાત્મ સુખનો અનુભવ મેળવતા હતા. આર્હત શાસ્ત્રમાં જેને દર્શન-ઉપયોગ કહે છે, તે ઉપયોગ તેમના સર્વ પ્રવર્ત્તનનું કેંદ્રસ્થાન હતું, તેથી તેઓ આ દુઃખમય સંસારમાંથી પણ સુખના તત્ત્વો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોધી શકતા હતા. તે દર્શન-ઉપયોગના બળથી તેમના હૃદયમાં સમભાવ-મૈત્રી ભાવ અને પ્રેમભાવના પ્રવાહો જોશબંધ વહેતા હતા. તેથી ભ્રાંતિ કે અજ્ઞાનથી ઉત્પન્ન થનારા મિથ્યાદર્શનનો એક અંશ પણ તેમના હૃદયમાં આવી શકતો નહોતો સર્વત્ર એકરસ-અભેદતાને જોનારા તેઓ સંસારને ઉત્તમ પ્રકારે સુખરૂપ બનાવી શકતા હતા.

અર્વાચીન જૈનો તે દર્શન-ઉપયોગનું રહસ્ય સમજી શકતા નથી અને તેનો સ્થૂલ અર્થ સમજી સંસારના પ્રવર્ત્તનોમાં પણ રહેલી તેની સૂક્ષ્મતાના તદન અજ્ઞાત રહે છે. આથી તેમની મનોવૃત્તિમાં કેટલાએક મલિન ભાવો સ્થાપિત થઇ ગયેલા દેખાય છે. તેની અંદર સ્વાર્થ વૃત્તિની વિશેષ પ્રધાનતા થઇ પડી છે, જેને લઇને પોતાને સુખ તેજ સત્ય, એજ નીતિધોરણ પ્રવર્ત્યું અને પોતપોતાની સંભાળ રાખવી, બીજાને ગમે તે થાઓ, એવી મલિન ભાવના જાગ્રત થઇ આવે છે. આ મલિન ભાવના એટલી બધી વધતી જાય છે કે, તેથી જૈનત્વના તેજસ્વી સ્વરૂપ ઉપર મોટો ફારફેર થતો જાય છે. તેથી તે તરફ જૈનોએ સંપૂર્ણ લક્ષ આપવાનું છે. નહીં તો તે પ્રમાદનું વિપરીત કટુફલ સર્વ જૈન પ્રજાને ચાખવું પડશે.

પ્રાચીન જૈન ભાવનામાં સમભાવની પ્રધાનતાને લઇને પ્રેમનું શુદ્ધ સ્વરૂપ ઝળકી રહેતું હતું. પ્રેમનું પવિત્ર આલંબન રૂપ માત્ર જૈન હૃદય છે, એમ આખા ભૂમંડલ ઉપર કહેવાતું હતું. પ્રાચીન જૈનો જેટલો સમભાવ અથવા પ્રેમ તેટલું સુખ સમજતા હતા, તે સમભાવ અથવા પ્રેમના પ્રકાશથી પ્રકાશિત થયેલ પ્રેમી જૈન પોતાના આખા કુટુંબને, પોતાની આખી જ્ઞાતિને, પોતાની કોમ-સમાજ કે સંઘને અને પોતાના દેશને અને તેની પ્રજાને પોતે સમજતા હતા અને ખરા આત્મપ્રેમી જન બની સર્વ જીવ માત્રની સાથે પોતે અભેદભાવે-પ્રેમભાવે-ઐકયભાવે કે સમભાવે દેખાતા હતા. જેમ ઇંદ્રિય એજ પોતાનો એક અંશ છે, તેમ કુટુંબનો પોતે પણ એક અંશ છે. પ્રજાનો માનવ જાતનો વગેરેનો પોતે પણ એક અવયવ છે, માટે તેની સાથે પ્રેમભાવ પૂર્વક સમભાવ રાખી તેઓ વર્ત્તતા અને તેજ ભાવનાથી પોતાનું, કુટુંબનું, કોમનું, સમાજનું, દેશનું, પ્રજાનું, મનુષ્યનું અને અખિલ જીવોનું સુખ સમભાવે સાધવાને પ્રવર્ત્તતા હતા.

આ ભાવનાના બળથી તેઓ સ્વ અને પરના કલ્યાણને માટે અનેક ઉપાયો યોજતા હતા. તેઓ ધાર્મિક ઉન્નતિ મેળવવાને માટે જેવો પ્રયત્ન કરતા, તેવો પ્રયત્ન આર્થિક ઉન્નતિ મેળવવાને પણ કરતા હતા. ભારતવર્ષની વ્યાપાર કળા તેમના જ આશ્રય નીચે પોષાતી હતી. તેઓ વિજ્ઞાનશાસ્ત્રને પોતાનું કલ્પવૃક્ષ ગણતા અને વ્યાપાર કળાને પોતાની કલ્પલતા માનતા હતા. તે સમયના વિદ્વાનો ઐતિહાસિક લેખમાં લખે છે કે, " આર્હત ધર્મના સફરી વ્યાપારીઓ પોતાની વિજ્ઞાનકળા વડે પૃથ્વીના પડમાંથી, આકાશના ગર્ભમાંથી, સમુદ્રના તળીઆમાંથી અને વાતાવરણના મિશ્રણમાંથી પણ લક્ષ્મીને ખેંચી લાવે છે. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંપ્રતકાળે જૈનોમાંથી એ શકિતનો હ્રાસ થયો છે, તેનું કારણ જૈનત્વના ખરા પ્રકાશક સમભાવ–પ્રેમભાવરૂપ તત્વનો જે અભાવ તેજ છે. તેને લીધે ઉન્નતિને રોધ કરનારા બીજા અનેક કારણો સ્વતઃ ઉભા થયા છે અને થાય છે.

અર્વાચીન જૈનોના રક્તમાંથી એ તત્વોની અસર ઉડી જવાથી તેઓની મનોવૃત્તિઓને અનેક મલિન ભાવોએ દબાવી દીધી છે. વંશપરંપરાથી ઉતરી આવેલું તેમનું ખરૂં જૈનત્વ એ ભયંકર ભાવોએ ઘણું ઝાંખુ કરી દીધું છે. તેમની જાગ્રત અને સ્વપ્ન–ઉભય અવસ્થા એ મલિન ભાવોથી ભરપૂર બની ગઈ છે. આ સ્થિતિને પરિણામે તન, મન, ધન અને ધર્મનો હ્રાસ થાય તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ? તેવી મલિન સ્થિતિમાં તો રાગદ્વેષ રૂપ મહાન્ શત્રુઓ ફાવ્યા વગર રહેતા નથી. પછી કલેશ, ટંટા, અદેખાઇ, અને પક્ષપાત વગેરે સઘળા દુર્ગુણો કે જે રાગદ્વેષના સૈન્ય રૂપ છે, તે સર્વે મૂર્તિમાન્ રૂપે આવીને તેમની ચારે પાસ વીંટાઇ વળે તે સંભવિત છે. તેવું અત્યારે જૈન સમાજમાં સ્થળે સ્થળે દેખાય છે

પ્રાચીન જૈનોની શિક્ષણ પદ્ધતિ તરફ વિચાર કરતાં તેની અંદર મહત્વનું જે દર્શન થાય છે, તેવું દર્શન સાંપ્રતકાળે થઇ શકવું અશકય છે. વર્ત્તમાન સમયે પશ્ચિમ પ્રજાના સંસર્ગથી સુધરેલી શિક્ષણ પદ્ધતી આપણી નજરે દેખાય છે અને ચિત્તને ચમત્કાર પમાડે તેવો તેનો ચળકાટ પણ જોવામાં આવે છે, છતાં પણ પ્રાચીન શિક્ષણના મહત્વની આગળ તે કશી ગણનામાં નથી.

પૂર્વકાળે આવી મહાન્ પાઠશાળાઓ ન હતી, આવા પદવીધર શિક્ષકો ન હતા, આવા શિક્ષણના ઉચ્ચ સાધનો પણ ન હતા, છતાં પણ તે સમયે જૈનોની જ્ઞાન ભૂમિકાની જે રચના હતી, તે ઉત્તમ પ્રકારની હતી, એમ તો કહેવું પડશે. બાલ્યવયમાં આવેલા શ્રાવક શિશુને પ્રથમ ધાર્મિક શિક્ષણ આપવામાં આવતું. સદાશીલ ગૃહસ્થ અથવા ત્યાગી ગુરૂના સહવાસમાં તેને રાખવામાં આવતો. ધર્મનું શિક્ષણ પામેલા માતાપિતા બાળકની ધાર્મિક વૃત્તિ વધારવાને ઘણી કાળજી રાખતાં કાલુંકાલુ અને તોતડું બોલતો જૈન બાળક નવકાર મંત્રના પાઠ ભણતો ઘરના આંગણામાં ફરતો અને માતાપિતાના ઉત્સંગમાં રહી તેની પરીક્ષા આપતો હતો. દરેક જૈન ગૃહમાં સામાયિકની પ્રવૃત્તિ વિશેષ હતી, તેથી તે સમયનું મુગ્ધ ભાવથી નિરીક્ષણ કરનારા જૈન બાળકના હૃદયમાં ધાર્મિક ભાવના સદા સતેજ થયા કરતી હતી. સુશિક્ષિત શ્રાવિકા માતા ગૃહપાઠશાળાની શિક્ષિકા બનતી અને તે ઉછરતી વયના અપત્યોના કુમળા મગજ ઉપર ધર્મ, આચાર અને વિચાર રૂપ સુધાનું સારી રીતે સિંચન કરતી હતી.

પૂર્વકાલે સાધુ અને સાધ્વીઓનો મોટો ભાગ ધર્મોપદેશના પોતાના કર્ત્તવ્યને બજાવવામાં ઘણો તત્પર રહેતો, તેથી પ્રાયે કરીને ઘણાં ક્ષેત્રોમાં તેમના વિહારો થયા કરતા હતા, આથી ઉછરતા જૈન બાળકોને ઉપદેશનો લાભ પણ વારં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાર મળ્યા કરતો હતો. તે સાથે ધાર્મિક શિક્ષણનો વિશેષ લાભ મેળવવાના પ્રસંગો પણ આવી પડતા હતા. તે સમયે ઉપદેશનો મહિમા મોટા ઉત્સવ જેવો ગણાતો અને તેમાં ભાગ લેવાની આતુરતા વિશેષ દેખાતી હતી. આવા પ્રસંગોમાં મોટી મોટી પર્ષદાઓ ભરાતી, તેમાં જવાનો અને વિદ્વચ્ચર્ચા સાંભળવા જોવાનો અનુપમ પ્રસંગ મળતો, તેથી જૈન વિદ્યાર્થીઓના આચાર ઉપર અને વર્ત્તન ઉપર ઘણી સારી અસર થતી. તે ઉપરાંત શીળવ્રત લાંબા વખત સુધી પળાતું અને ધર્મના બીજ પ્રથમથી જ સારી રીતે ઊંડા રોપાતા. એટલે તન મન અને આત્મા ત્રણેની સંપૂર્ણ શુદ્ધિ સચવાતી હતી. પૂર્વની આ ઉત્તમ પદ્ધતિમાંથી ધાર્મિક જ્ઞાન મેળવ્યા પછી જૈન તરૂણો વ્યાપારની કલામાં ઉતરતા અને વ્યાપારને યોગ્ય એવું ઉત્તમ અને સંગીન જ્ઞાન મેળવતા હતા. પ્રથમના ધાર્મિક શિક્ષણના પ્રભાવથી વ્યાપારની પ્રતિષ્ઠામાં તેઓ એટલા બધા આગળ વધતા, કે જેમના બોલ ઉપર સર્વ લોકોને સંપૂર્ણ વિશ્વાસ આવતો હતો અને જનસમાજમાં તેમને ભારે માન મળતું હતું.

સાંપ્રતકાલે પાશ્ચાત્ય ધોરણને અનુસરી કેળવણી લેવાય છે, અને જમાનાને માન આપીને તે કેળવણી લેવાની આવશ્યકતા પણ છે, તથાપિ આપણી ગૃહશિક્ષણની પૂર્વ પદ્ધતીને આપણે ભૂલી જવાનું નથી. જૈન બાળકો અને જૈન બાળાઓને નવીન શિક્ષણની સાથે આપણે ગૃહશિક્ષણ આપવાની પૂરેપૂરી જરૂર છે. આપણા બાળકોનો વ્યવહાર વિકૃતિવાળો ન થાય, અને વ્યાપારની સ્વતંત્રતા અને ઉન્નતિ ભરેલી જૈનવૃત્તિ તરફ અભાવ ન થાય, એજ આપણે લક્ષમાં રાખવાનું છે. સાંપ્રતકાલે તો સ્વતંત્રતાનો પ્રભાવ અસ્ત કરવાની ભાવનાથીજ કેળવણી લેવાનો આરંભ કરવામાં આવે છે. માણસ પોતે પોતાનું પેટ ભરવા શી રીતે સમર્થ થાય? એ હેતુ સર્વ કરતાં પ્રથમ લક્ષમાં રાખી ઉદર ભરી કેળવણીની યોજના કરવામાં આવે છે. પૂર્વકાલે એવો ક્ષુદ્ર વિચાર જૈન હૃદયમાં ઉત્પન્ન થતો જ નહીં. તે સમયે તો માણસ કેવી રીતે ઉત્તમ ધાર્મિક બને? નીતિથી અલંકૃત બને અને પ્રમાણિકતાની પ્રતિમા બને; તેમજ કેવી રીતે તે પોતાના કુટુંબ, જ્ઞાતિ, સંઘ, અને તમામ મનુષ્યનો ઉદ્ધારક કેમ બને? એજ ભાવના જૈનહૃદયો ધારણ કરતા હતા. એવા ઉત્તમ હેતુના ઉદ્દેશથી કેળવાએલા પ્રાચીન જૈન વર્ગમાંથી અનેક મહાત્માઓ, અનેક દાનવીરો અને અનેક ધીર વીરો ભારતભૂમિમાં ઉત્પન્ન થતા હતા.

આ શિવાય બીજી અનેક બાબતોમાં પ્રાચીન અને અર્વાચીન જૈનોનો મુકાબલો કરતાં આપણને ખાત્રી થાય છે કે, આપણા ધર્મ અને વ્યવહાર પૂર્વકાળે જે સ્થિતિ ભોગવતા હતા, તે સ્થિતિ આપણાથી ઘણી જ દૂર છે. જોકે આપણે જમાનાનો રંગ ધારણ કરવો પણ તેમાં આપણે આપણી ઉજ્વળ પૂર્વ સ્થિતિને તદન ભુલી જવાની નથી. તેના ઉત્તમ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદરણીય સ્વરૂપને માન આપીને આપણે આગળ ચાલવાનું છે. આપણા મહાવીર પ્રભુ પણ એજ બોધ આપી ગયા છે અને પોતાના શાસનના ઉચ્ચ હેતુઓ આબાદ રાખવાનો ઉપદેશ આપતા ગયા છે.

નવરંગિત બાહ્ય સ્વરૂપને ધારણ કરી પ્રગટ થયેલો જમાનો આપણને લલચાવે છે અને આપણા પુરાણા પ્રભાવને ભુલાવવા પ્રયત્ન કરે છે, પણ આપણે તેને ભૂલી જવો જોઇતો નથી. જેમાં આપણો ઉદય દેખાય અને આપણા પવિત્ર ધર્મનું રક્ષણ થાય, સર્વ સ્થળે શાંતિ પ્રસરે તેવી પ્રવૃતિ કરી એવો પ્રયત્ન આપણે કરવો અને બરાબર ગુણગ્રાહી થઇને જમાનાનો લાભ લેવાને આપણે ચુકવું નહિ. તોજ આપણે આપણું ખરૂં જૈનત્વ બતાવ્યું કહેવાશે. અને આપણે ખરા વીર બાળકો ગણાશું.

" શ્રી આત્માનંદ પ્રકાશના અધિપતિ સાહેબ

નીચેનું આમંત્રણ આપના પ્રસિદ્ધ પત્રમાં પ્રકટ કરશો. "

# મુનિ વર્ગને આમંત્રણ.

શ્રી પાટણની અંદર ગયા વૈશાખ માસથી સૂત્રોની વાંચના આપવા લેવાનું કાર્ય શરૂ થયેલું છે. તેનો લાભ ૩૦ મુનિરાજ અને ૧૦ સાધ્વીજી લે છે. વાંચનાનું કાર્ય કાર્તિક શુદિ ૧૫ સુધી અસ્ખલિત ચાલ્યા પછી એક માસ બંધ રાખવામાં આવશે અને નવા ક્ષેત્રમાં એક માસ પછી પાછું શરૂ થશે. દરમ્યાન હવે પછી ચાતુર્માસ ઉતર્યે પોતાના શહેરમાં સર્વ મુનિ પરિવારને વાંચનાર્થે પધારવાની અનેક શહેરના આગેવાનોની પ્રાર્થના છે. પરંતુ તેમાંનું કયું શહેર પસંદ કરવું તેનો આધાર સાધુ સાધ્વીની સંખ્યા ઉપર વધારે રાખે છે. તેથી સર્વે સાધુ સાધ્વીને વિનંતિ કરવાની કે જેમની ઇચ્છા હવે પછીની વાંચનામાં લાભ લેવા માટે પધારવાની હોય તેમણે " શ્રી આગમોદય સમિતિ ઓફીસ પાટણ " ને શીરનામે પોતાની ઇચ્છા પત્રદ્વારા જણાવવાની કૃપા કરવી. જેથી અત્રત્ય મુનિ મંડળ સાથે તે સંખ્યા એકંદર કરીને અત્રત્ય મુનિ મંડળના એક વિચારથી હવે પછીની વાંચનાનું સ્થળ મુકરર કરવામાં આવશે અને તે ન્યુસપેપર દ્વારાજ પ્રસિદ્ધ કરવામાં આવશે. સ્થળનો નિર્ણય આશ્વિન શુદિ ૧૫ લગભગ કરવાનો હોવાથી ત્યાર અગાઉ પત્ર લખવા તસ્દી લેવી.

આજ્ઞાંકિત સેવકો.

વેણીચંદ સુરચંદ કુંવરજી આણંદજી
ભોગીલાલ હાલાભાઇ ચુનીલાલ છગનલાલ

**આગમોદય સમિતિના સેક્રેટરીઓ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## નીચેના પુસ્તકો અમોને ભેટ મળ્યા છે જે આભાર સાથે સ્વીકારીએ છીએ.

૧ જ્ઞાનસાર.
૨ ગુરૂદેવ ગુણ મણિમાળ.
૩ પ્રસન્ન રાઘવમ્.
૪ નાગાનન્દનામ નાટકમ.
૫ રીક સંગ્રહ.
૬ માલવીકાગ્નિ મિત્ર.
૭ ઈસ્પીરેશન બાઈબલ.
૮ ગાંધી લેકચર.
૯ મોરલ એસેય્સ.
૧૦ સ્ટુડન્ટસ હેન્ડબુક.
૧૧ ફોર પીટીઝ સેઇક્સ.
૧૨ કવેસ્ચન્સ ઇન સંસ્કૃત.
૧૩ જૈન તત્ત્વાદર્શ ભા. ૧ લો.
૧૪ સ્કેચબુક.
૧૫ લોર્ડ હોબર્ટ એસેસ વો. ૧ લું.
૧૬ " વો. ૨ જું.
૧૭ હોલી બાઇબલ.
૧૮ એમરસનના નિબંધો.
૧૯ ધી ઓલ્ડન્યુટેસ્ટામેન્ટસ.
૨૦ એનસીયન્ટ સંસ્કૃત લીટ્રેચર ઓફ ઇન્ડીયા.
૨૧ ગોસ્પેલ.
૨૨ સોલ કલચર.
૨૩ સોલ સ્પીરીટ માઇન્ડ એન્ડ બૉડી.
૨૪ વોટ ઇઝ ગોડ.
૨૫ શકુંતલા.
૨૬ જ્ઞાનચર્ચા અથવા તર્ક સમાધાન.

ઉપરના પુસ્તકો શાહ હરિચંદ છગનલાલ તરફથી ભેટ મળેલા છે.

૧ અભિધાન ચીંતામણિ. ૨ અનેકાન્ત જયપતાકા. શ્રી યશોવિજયજી જૈન ગ્રં૦ ભાવનગર તરફથી

## ભાઇ ભીખાભાઈ રતનચંદનો સ્વર્ગવાસ.

અમદાવાદ નિવાસી ઉકત બંધુ ચાલતા માસમાં પંચત્વ પામ્યા છે. તેઓ સ્વભાવે સરળ, શાંત, માયાળુ અને એક ખરેખર ધર્મચુસ્ત નરરત્ન હતા. તેઓ જીવદયાના ખાસ હિમાયતી હોઇને ગયા દુષ્કાળ પ્રસંગે અમદાવાદની પાંજરાપોળ માટે અથાગ શ્રમ લીધેલો હોઈને અમદાવાદની જૈન પ્રજા તેને માટે મગરૂર થઇ હતી વિશેષમાં દેવગુરૂ ધર્મ પ્રત્યે અથાગ શ્રદ્ધા હતી. તેઓ ખરેખર એક લાયક નરરત્ન હતા. તેઓના સ્વર્ગવાસથી અમદાવાદ શહેરને અને આ સભાના લાઈફ મેમ્બર હોવાથી આવા એક લાયક બંધુરત્નની આ સભાને ખોટ પડી છે. તેઓના પવિત્ર આત્માને શાંતિ મળે એમ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૈયાર છે જલદી મંગાવો તૈયાર છે.

# तपोरत्न महोदधि.

## ( તપાવલી ભાગ ૧–૨ )

અનેક ગ્રંથોમાંથી તમામ પ્રકારના તપોનો કરેલો સંગ્રહ.

શ્રી પ્રવર્ત્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજશ્રી ભક્તિવિજયજી મહારાજના અપૂર્વ પ્રયાસનું આ ફલછે. જે કેતે બે વિભાગમાં પ્રગટ કરવામાં આવેલ છે. પ્રથમ વિભાગમાં ૮૮ પ્રકારના આચારદિનકરમાં જણાવેલા તપોનું તથા બીજા વિભાગમાં ૭૩ પ્રકારના અન્ય ગ્રંથાદિમાં કહેલા તપોનું વર્ણન આ ગ્રં-થમાં વિધિ–વિધાન સહિત ઘણી ઊંચી અને સરલ શૈલીથી આપવામાં આવેલું છે.

બંને વિભાગમાં તપો અને તેના ગુણણા વિગેરે બહુજ વિસ્તારથી આપવા-માં આવેલ છે. આ ગ્રંથની અંદર અનેક ગ્રંથોનો આધાર લેવામાં આવ્યો છે, તે ગ્રંથોના નામનું લીસ્ટ પણ સાથે આપવામાં આવેલ છે. વળી દરેક તપનો મહિમા વાંચવાથી હૃદયમાં આલ્હાદ ઉત્પન્ન થાય છે. વળી તપને લગતા પ્રશ્નોત્તરો દાખલ કરી તેને ખાસ ઉપયોગી બનાવવામાં આવેલ છે. અનેક ગ્રંથો, બુકો, તપના ટીપણાઓ અને છુટક પત્રો તેમજ ચાલુ પ્રચારથી જે જે તપો જાણવામાં આવ્યા તે તમામનો સંગ્રહ આ ગ્રંથના અંદર કરવામાં આવેલ છે, ઘણે ભાગે એક પણ બાકી રહેલ નથી. સદરહુ ગ્રંથ સાધંત વાંચવા વિચારવાથીજ તેની અપૂર્વ કિંમત થઇ શકે તેવું છે. ઉંચા એન્ટીક ઈંગ્લીશ પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઇપથી પ્રતના આકારે મોટો ખર્ચ કરી છપાવવામાં આવેલ છે. બાવીશ ફારમનો મોટો ગ્રંથ છતાં માત્ર તેની કિંમત રૂા. ૦–૮–૦ આઠ આના રાખવામાં આવેલ છે. પોસ્ટેજ જુદું.

સદરહુ ગ્રંથ વિવિધ તપ કરવાના અભિલાષિ સાધુ–સાધ્વીને તેમજ જે શહે-રના ઉપાશ્રયમાં સંભાળથી સાચવી રાખવાનું અને તેનો યોગ્ય ઉપયોગથી કરવાનું અમોને ખાત્રીપૂર્વક જણાવવામાં આવશે તે શહેરના ઉપાશ્રય માટે, તેમજ લખેલ પુસ્તકના જ્ઞાન ભંડારોને તથા જાહેર લાઇબ્રેરીઓને એક એક નકલ પોસ્ટેજ પુરતા પૈસાનું વી. પી. કરી ભેટ આપવામાં આવશે.

# विविध पूजा संग्रह.

( શ્રીમદ્ વિજયાનંદ સૂરિ ( આત્મારામજી મહારાજ તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ વિરચિત ચૌદ પૂજાઓનો સંગ્રહ. )

મહોપકારી શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વર રચિત પૂજાઓ કે જેને માટે સં-ગીતના પ્રોફેસરો અને પૂજાના જાણકાર રસીકો તેમની રચનાના સંબંધમાં અનેક વિધ પ્રશંસા કરે છે, તે પાંચ પૂજાઓ તથા તેમને પગલે ચાલનારા પ્રસિદ્ધ વક્તા શ્રીમાન્મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજની બનાવેલી ૯ પૂજા કે જે વર્તમાન સમયને અનુસરતા રાગરાગણીથી ભરપુર હોઇ આકર્ષક છે. ગયા અને તેની પહેલાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્ષમાં મુંબઇ નગરીમાં તેઓશ્રીના ચાતુર્માસ દરમ્યાન તેઓની છેલ્લી બનાવેલી શ્રી પંચપરમેષ્ઠિની પૂજા મુંબઈની જૈન પ્રજાએ વારંવાર ભણાવી, સાંભળી તેની અપૂર્વ રસિકતા જાણી અપૂર્વ આનંદ અનેકવાર લીધેલ છે અને તેની ઉપયોગિતા, કૃતિની રસિકતા એક મતે સિદ્ધ થઇ ચુકી છે, તેની વારંવાર માંગણી થવાથી સાથે ઉક્ત બંને મહાત્માઓની કૃતિની તમામ પૂજાઓ છપાવી છે. પૂજા શોધવામાં મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજે કૃપા કરેલી હોવાથી તદ્દન શુદ્ધ છપાયેલ છે.

ઉંચા ઈંગ્લીશ ગ્લેજ કાગળો ઉપર સુંદર શાસ્ત્રી મોટા ટાઇપમાં નિર્ણયસાગર પ્રેસમાં છપાવી તેનું એટલું બધું સુંદર બાઇડીંગ કરાવવામાં આવેલ છે કે તે જોતાં તરતજ ગ્રહણ કરવાની ઇચ્છા થાય. જેને માટે ઘણો મોટો ખર્ચ કરવામાં આવેલ છે, જે શુમારે ત્રીશ ફારમ, સવાચારશે પાનાનો દળદાર ગ્રંથ છતાં તેનો બહોળો પ્રચાર થવા માટે મુદ્દલથી ઘણી ઓછી કિંમતે એટલે માત્ર રૂા. ૦-૮-૦ આઠ (પોસ્ટેજ જુદું) ની કિંમત રાખવામાં આવેલ છે, માત્ર જુજ નકલો બાકી છે, જેથી નીચેના શરનામેથી જલદી મંગાવો.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

## दशाश्रीमाली वणिक ( त्रिमासिक )

દરેક દશાશ્રીમાળી વણિક બંધુને જાણવા જેવી બાબતોથી ભરપૂર ( રોયલ છ થી આઠ ફારમ ) ૪૦ થી ૬૪ પાનાનું સચિત્ર દશાશ્રીમાળી વણિક ત્રિમાસિકના પોતાની જ્ઞાતિનું શ્રેય ઇચ્છનાર દરેક દશાશ્રીમાળીને ગ્રાહક થવાની ખાસ આવશ્યકતા છે. વિજ્ઞાપન પત્ર માટે લખો—

**મોહનલાલ નાગજી ચીનાઇ.**
ડીસ્ટ્રીકટપ્લીડર
ધોરાજી.

---

## આ માસમાં દાખલ થયેલા નવા માનવંતા મેમ્બરો.

૧ લક્ષ્મીચંદજી ભગવાનદાસજી ધીયા પ્રતાપગઢ બી. વ. લા. માંથી પહેલા વર્ગના લાઇફ મેમ્બર.

૨ શા. મોતીચંદ જેઠાભાઇ પે. વ. વાર્ષિક મેમ્બર. મુંબઇ.

---

## ઉપકાર.

શ્રી પર્યુષણાષ્ટાન્હિક વ્યાખ્યાન ( ભાષાંતર ) આ અત્યુત્તમ ગ્રંથ જેનું ભાષાંતર શ્રીમાન મૂલચંદજી મહારાજના પ્રશિષ્ય મુનિરાજશ્રી મણિવિજયજીએ સરલ રીતે કરેલ છે અને શ્રીમદ ઉપાધ્યાયજી મહારાજ શ્રી વીરવિજયજી મહારાજ તથા પંન્યાસજી મહારાજ શ્રી દાનવિજયજી મહારાજની કૃપાવડે સ્થાપન થયેલ શ્રી આત્મવીર સભા—ભાવનગર તરફથી છપાઇ પ્રસિદ્ધ થયેલ છે, જે આ સભાના લાઇફ મેમ્બરોને ભેટ દેવા માટે તેટલા પુરતી કોપીઓ અમોને બક્ષીસ અપેલ છે, જે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે.

For Private And Personal Use Only